|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## || રામનામ માહાત્મ્ય ||

કબીરના પુત્ર કમાલે એક ધનાઢ્યનો રક્તપિત્તનો રોગ મટાડવા એને બે વખત રામનામ બોલવા જણાવ્યું પણ તેનો રોગ મટ્યો નહિ. આ જાણી કબીર તેના પર બહુ ગુસ્સે થયા અને કમાલને કહ્યું; 'તેં બે વાર રામનામ બોલવા એ વણિકને કહીને મારી બેઆબરૂ કરી છે. રામનામ એક જ વાર બોલવું બસ છે.'

પછી કમાલને એ વણિકના માથા પર એક લાકડીનો પ્રહાર કરી, ગંગાજીના પ્રવાહમાં ઊભો રાખી, હૃદયથી ફક્ત 'એક જ વાર રામનામ' બોલવાનું કહેવા સૂચવ્યું. કમાલે પોતાના પિતાની સૂચના પ્રમાણે કર્યું. પેલા વણિકે લાકડીનો ફટકો ખાઈ, પોતાના અંતરના ઊંડાણમાંથી ભાવ સાથે ફક્ત એકવાર રામનામ જેવું ઉચ્ચાર્યું કે તરત જ તેનો રોગ સમૂળગો નાશ પામ્યો. એકવાર કબીરે કમાલને તુલસીદાસ પાસે મોકલ્યો. તુલસીદાસે તુલસીના પત્ર પર રામનામ લખી, તેનો રસ કાઢી રક્તપિત્તના રોગી પર છાંટ્યો અને ૫૦૦ દર્દીઓ પર પ્રયોગ કરતાં તે બધા સારા થઈ ગયા ! કમાલ તો આ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો. ત્યારબાદ કબીરે તેને સૂરદાસ પાસે મોકલ્યો. તો સૂરદાસે કમાલને નદીમાંથી એક શબ લાવી આપવા જણાવ્યું. સૂરદાસે એ શબના એક કાનમાં ફક્ત એકવાર 'રામ'નું ઉચ્ચારણ શું કર્યું કે તે શબ સજીવન બન્યું. કમાલ તો દિગ્મૂઢ થઈ ગયો.

ઈશ્વરના નામની આવી અદ્‌ભુત શક્તિ છે. તેથી જ સંતો કહે છે : તમે એકવાર પ્રેમપૂર્વક ભગવાનનું નામ બોલો અને તત્કાળ જ પરમ સુખ, શાંતિ અને નવજીવન પ્રાપ્ત કરો.

ભગવાનના નામનો જપ મનને સત્ત્વથી ભરી દે છે. અંધકારમાં પ્રકાશ પ્રગટાવે છે, ચિત્તની બધી નકારાત્મકતા નષ્ટ કરી દે છે.

**–સ્વામી શ્રીશિવાનંદ**

**(અનુવાદક : સ્વામી શ્રીભદ્ર)**

|| ૐ યોગેશ્વરાય નમઃ ||   || ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ||

તા.૧૩ નવેમ્બર, ૧૯૪૩
(પરમ પૂજ્યશ્રી'મા'નો પ્રાગટ્યદિન)

## આ અંકની વિશેષતા

### || મંત્રીમયી 'મા' સર્વેશ્વરી ||

(પૂ.શ્રી'મા'ની અપ્રતિમ સાધનાસિદ્ધિ)

"ગંગામાં તમે તેનો ભૌગોલિક ને આધ્યાત્મિક મહિમા જાણીને ન્હાવા પડો કે ગંગા જ છે એટલું જાણીને પડો, પણ તમે ભીંજાવાના તો ખરા જ. ને સ્નાનનો આનંદ પણ તમને મળવાનો. તેવું જ પ્રભુના નામનું છે. માટે તેને તો જપ્યે જ જવું. તેથી પ્રભુ જરૂર મળશે. એક સાધારણ માણસનું નામ રટીએ તો પણ આવતું જતું કોઈ તેને ખબર આપે છે ને તે મળે છે. તો પછી આ તો સર્વસમર્થ પરમાત્માછે, સર્વશક્તિમાન પ્રભુ છે. તો તમારો પુકાર ચાલુ જ રાખવો જોઈએ. તે પુકાર જ પ્રભુહૃદયમાં પહોંચી પ્રભુને તમારી પાસે ખેંચી લાવશે."

**–શ્રી યોગેશ્વરજી**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. પૂજ્યશ્રી'મા'ની ૨૬ કરોડ મંત્રયાત્રાની તવારીખ | સંપાદન | ૧૦ |
| ૩. પ્રભુ માટેની આમંત્રણપત્રિકા | " | ૧૧ |
| ૪. મંત્રમયી 'મા' સર્વેશ્વરી | " | ૧૨ |
| ૫. સદ્‌ગ્રંથ 'જપયોગ'નો સાર | સ્વામી શ્રીશિવાનંદ | ૧૪ |
| ૬. યાત્રા | શ્રી'મા' સર્વેશ્વરી | ૧૫ |
| ૭. એક નાનકડી યાત્રાનું ભવ્ય જીવનપાથેય | શ્રી દર્શના ત્રિવેદી | ૧૯ |
| ૮. શ્રીકમલ બીલેશ્વર તીર્થનો મહિમા | સંકલન | ૨૨ |
| ૯. પૂ.શ્રી'મા' સર્વેશ્વરીનો સંક્ષિપ્ત પરિચય | શ્રી સુકૃતિ જાની | ૨૫ |
| ૧૦. સાધારણતામાં છૂપાયેલ અસાધારણતા | સંકલન | ૨૭ |
| ૧૧. અનન્ય ગુરુભક્તિ | " | ૨૯ |
| ૧૨. આચારસિદ્ધ અધ્યાત્મનો ઉજાસ | " | ૩૧ |
| ૧૩. મૌનમયી 'મા' | " | ૩૫ |
| ૧૪. સંપૂર્ણ અહંકારનિરસન | " | ૩૭ |
| ૧૫. સહજ આનંદસ્વરૂપા 'મા' | " | ૩૯ |
| ૧૬. સહજ ત્યાગનું જીવંત નિદર્શન 'મા' | " | ૪૧ |
| ૧૭. પૂ.શ્રી'મા'ની તીર્થયાત્રાઓ | " | ૪૪ |
| ૧૮. પરમ પ્રેમમયી 'મા' | " | ૪૬ |
| ૧૯. ચેતનાના ઊર્ધ્વતમ સ્તરે ઉડાન | " | ૪૮ |
| ૨૦. 'મા' નિર્જળેશ્વરી કરું પ્રણામ ! | ડૉ. અર્પિતા જોશી | ૫૦ |
| ૨૧. પ્રભુસ્મરણની પથારી | શ્રી'મા' સર્વેશ્વરી | ૫૭ |
| ૨૨. 'સ્વર્ગારોહણ'ના નિષ્ઠાવાન ભક્ત મૅનેજર | શ્રી આશિષ ગોહિલ | ૫૮ |

## નિવેદન : 'પૂજ્યશ્રી'મા'ની ઉપસ્થિતિ એ જ અનુગ્રહ'

પરમ પ્રેમમયી 'મા' જેવા સાચા સંતને ન ઉપદેશની આવશ્યકતા હોય છે, ન આદેશની ને ન કોઈ વાદવિવાદની. તેઓશ્રીની ઉપસ્થિતિમાત્રથી, દર્શન, સ્પર્શ, દૃષ્ટિ કે સંનિધિમાત્રથી આપણે પવિત્ર થઈ જઈએ છીએ.

જે જીવ એકવાર પણ આ પરમ કલ્યાણમયીના તેજોમંડળની ભીતર આવી ગયો તે સદાય ધન્ય થઈ ગયો. સૂર્ય જેમ સદા શાંત, મૂક રહી પોતાનો પ્રકાશ સૃષ્ટિ પર સતત રેલાવ્યા કરે છે તેમ પૂજ્યશ્રી'મા' પોતાના આત્મપ્રકાશને સર્વત્ર પ્રસારી આપણા કામને પ્રેમમાં, ક્રોધને શાંતિમાં, લોભને સંતોષમાં, મોહને અનાસક્તિમાં, અહંકારને નમ્રતામાં ને મત્સરને પવિત્રતામાં બદલવાની પ્રેરણા તેમજ શક્તિ બક્ષે છે. તેઓશ્રીના જીવનથી આપણને આપણું જીવન ઉચ્ચ બનાવવાની સંભાવનાઓ દેખાવા માંડે છે.

આપણે ઈન્દ્રિયોના ભોગોથી લિપ્ત થઈને, ખાવાપીવા, સૂવામાં ને અંતે તેમાં મરી જવા પેદા નથી થયા. કોઈ વિશેષ કાર્ય માટે આ પૃથ્વીપટે આવ્યા છીએ, એવી સ્વયંમાં શ્રદ્ધા આવી જાય છે; એટલું જ નહિ. 'હું પણ પરમાત્માને પામી શકું'ની શ્રદ્ધા અંધકારમાં ભટકેલાને પ્રકાશ મેળવી આપે છે.

પરમ પૂજ્યશ્રી'મા'ની સંનિધિમાં સમજાયું છે કે, 'તેઓશ્રીનું અસ્તિત્વ અનુભવના આધારે બોલે છે. બધાં શાસ્ત્રો એમના પક્ષે ! આ સત્ય આપણા જીવનમાં ક્રાંતિ કરી દે છે. પૂ.શ્રી 'મા' પરની શ્રદ્ધા આપણને પ્રતીતિ કરાવે છે આપણે સસૂત્ર હોવાની ! અર્થાત્ જેમ દોરો પરોવેલી સોય પડી જવાથી ખોવાતી નથી તેમ આપણે સસૂત્ર હોવાથી સુરક્ષિત છીએ. કારણ કે આપણી સાથે એક શક્તિ છે, નૂર છે જે સદા આપણી સાથે જ રહે છે. આપણે એની નિશ્રામાં ચાહીશું એ કરી શકીશું. દિલ સાફ, દિમાગ સ્પષ્ટ,નિષ્ઠા સંપૂર્ણ પછી બધું જ સહજ ! સદા શાંતિ ને પ્રસન્નતા. પરમાત્મા આકાશમાં, આમતેમ નહિ, ભીતર જ છે, એ અંદરની શક્તિ એકવાર ઓળખી શકાય તો પછી જીવનયાત્રા બહુ સરળ, શાંતિપૂર્ણ બની જાય.'

પરિસ્થિતિ પ્રતિકૂળ હોય કે અનુકૂળ એક સમતા આવી જાય. પ્રારબ્ધપ્રેષિત પ્રત્યેક પરિસ્થિતિનો સ્વીકાર થઈ, પ્રસન્ન ચિત્તે સાંપ્રત જીવાય. ૐ કાર જ સત્ય છે એ સ્પષ્ટ થઈ જાય, જીવન આહ્‌લાદક પ્રતિ પળ રહે પછી બીજું જોઈએ પણ શું ?



## ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૧૯

### તા. ૧૫-૩-૮૩, મંગળવાર, ફાગણ સુદ એકમ સં. ૨૦૩૯

### ડરબન શહેર

આજે સવારે દશ વાગ્યે ડરબનની વેસ્ટવીલ યુનિવર્સિટીના હિન્દુ સ્ટડીઝ ડિપાર્ટમેન્ટ અને ઈન્ડિયન ફિલોસૉફી વિભાગ તરફથી પૂ.શ્રીનું એક નાનકડું પ્રવચન ગોઠવાયું હતું.

યુનિવર્સિટીના એલ વિભાગના આઠમા માળે વીસ નંબરના ઓરડામાં પ્રવચન ગોઠવાયું હતું.

અમે પોણા દશ વાગ્યે બીજા મકાનના સાતમા માળે લિફ્ટમાં શ્રી રતિભાઈ સાથે પહોંચી ગયાં. શ્રી ગુરુદેવ નામના એક ગુજરાતી પ્રૉફેસરની ઑફિસમાં અમે ગયાં ત્યારે ત્યાં શ્રી નરદેવભાઈ વેદાલંકાર પણ મળ્યાં. વળી, એક અંગ્રેજ પ્રૉફેસર પણ મળ્યાં.

અંગ્રેજ પ્રૉફેસરે પૂ.શ્રીને હાથ જોડીને નમસ્કાર કર્યા. પછી વાતચીત કરતાં કહ્યું કે, અમારા દેશમાં ગરમી કેવી લાગે છે ?

પૂ.શ્રીએ કહ્યુંઃ અમને તો બહારની ગરમી પણ સતાવતી નથી, કારણ કે અમને માનસિક કે શારીરિક કોઈ ગરમી જ નથી. શાંતિ જ શાંતિ છે.

વળી, તાજેતરમાં નીકળેલી ગાંધીજીની ફિલ્મ વિશે થોડી વાતો થઈ.

ત્યારબાદ એલ નંબરના મકાનના આઠમા માળે અમે લિફ્ટમાં ગયાં. ત્યાં વિદ્યાર્થીઓના ઓરડામાં પૂ.શ્રીએ પ્રવચન

આપ્યું. પ્રવચનની શરૂઆતમાં એક વિદ્યાર્થિનીએ 'ગુરુસ્તોત્ર' ગાઈ સંભળાવ્યું. પૂ.શ્રીએ એના ઉપર જ નાનકડું પ્રવચન આપ્યું. જેમાં 'સા વિદ્યા યા વિમુક્તયે' સૂત્ર સમજાવ્યું. વળી, 'મૂકમ્ કરોતિ વાચાલમ્'થી વિપરીત 'વાચાલમ્ કરોતિ મૂકમ્' – બહુ વાચાળને મૂંગા બનાવી દે છે એ અર્થ પણ સમજાવ્યો.

પછી પ્રશ્નોત્તરી થઈ. વિદ્યાર્થીઓ પૈકી બે વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછ્યાઃ

(૧) યજ્ઞમાં થતી બલિદાનની હિંસા અંગે આપ શું માનો છો ?

(૨) રંગભેદની નીતિ વિશે આપ શું માનો છો ?

પૂ.શ્રીએ એના સંતોષકારક રીતે જવાબ આપ્યા.

આભારદર્શન બાદ ફરીથી બીજા મકાનમાં આવેલા સ્ટાફ-રૂમમાં આવી ગયાં.

ત્યાં આવતાં જ ફિલોસૉફીના હેડ, જેઓ અંગ્રેજ પ્રૉફેસર હતા તેમણે વાત કરતાં પૂછ્યું કે, આપ દૂધ, જ્યૂસ કંઈક લેશો ને ?

પૂ.શ્રીએ પોતાની લાક્ષણિક રીતે જવાબ આપતાં કહ્યું : અમે તો હંમેશાં અમૃત જ પીએ છીએ. પ્રભુના નામનું અમૃત પીવામાં જ અમને તો આનંદ છે.

સ્ટાફ-રૂમમાં સંસ્કૃત વિભાગના હેડ, ફિલોસૉફીના હેડ, ગુજરાતીના પ્રૉફેસર શ્રી નરદેવભાઈ ઉપરાંત શ્રી જયંત દેસાઈ તથા બીજા બે દક્ષિણ ભારતીય પ્રૉફેસરો સાથે નાનકડો વાર્તાલાપ થયો. જેમાં ભારતના શિક્ષણક્ષેત્ર અને શાસનકર્તાઓની વર્તણૂક ઉપર પૂ.શ્રીએ સુંદર વક્તવ્ય આપ્યું.



અંતે આભારદર્શન બાદ ત્યાંથી છૂટાં પડયાં.

શ્રી જયંત દેસાઈ તથા શ્રી ગુરુદેવ અમને યુનિવર્સિટીના વિશાળ મેદાનમાં નીચે સુધી વિદાય આપવા આવ્યા.

યુનિવર્સિટીમાં ભારતીય સંસ્કૃતિના ગ્રંથોનો પણ અભ્યાસ થાય છે. એ જ મેદાનમાં મસ્જિદ બંધાઈ ગઈ છે. હિન્દુ મંદિર માટે યોજના ચાલુ છે. આ દેશની સરકાર ધર્મના શિક્ષણ માટે સ્વતંત્રતા આપે છે. ગુજરાતી શાળામાં પણ શ્રી નરદેવભાઈ વેદાલંકારે 'ધર્મપોથી' પુસ્તકનો અભ્યાસક્રમ ચાલુ કરાવ્યો છે.

ઉતારા ઉપર પંદર મિનિટમાં આવી ગયાં. રિઝર્વહીલનો અમારો ઉતારો યુનિવર્સિટીથી ઘણો નજીક હતો.

ઉતારા ઉપર આવીને ખીચડી ને કઢીનું ભોજન બનાવ્યું. ભોજન બાદ અર્ધો કલાક શ્રી શાંતિભાઈ, શ્રી ડાહ્યાભાઈ, શ્રી રતિભાઈ સાથે સત્સંગના આયોજનની થોડી વાતો થઈ.

બપોરે થોડો ફરજિયાત આરામ લીધો. ત્યારબાદ સાડા છ વાગ્યે સમૂહ-ધ્યાનની છેલ્લી બેઠક માટે સપ્તાહ મંદિરમાં જવા માટે નીકળ્યાં.

આઠ વાગ્યા સુધી ધ્યાનની સમૂહ બેઠક થઈ. પુનિત સેવા સંઘના કાર્યકર્તાઓના નિર્ણયને પૂ.શ્રીએ જાહેર કરતાં કહ્યું કે, અહીં ધ્યાન કેન્દ્ર શરૂ થશે, દર મહિનાના બીજા શનિવારે સપ્તાહ મંદિરમાં સાંજે ૭ થી ૮ ધ્યાનની બેઠક થશે. જેનું સંચાલન પુનિત સેવા સંઘના કાર્યકર્તાઓ કરશે.

સમયસર ભારત હૉલમાં પહોંચી ગયાં. ત્યાં આજે યોગ સ્કૂલ તરફથી આસનો બતાવવાનો કાર્યક્રમ થયો, જે પંદર મિનિટને બદલે એક કલાક ચાલ્યો, ત્યારબાદ પૂ.શ્રીએ શ્રોતાઓને પૂછ્યું કે, આજે ઘણું મોડું થયું છે. તો પ્રવચન

સાંભળવું છે ? સૌની સંમતિ મળતાં પોણો કલાક અંગ્રેજીમાં ‘ધ્યાનયોગ’ ઉપર પૂ.શ્રીએ પ્રવચન કર્યું.

પ્રવચન બાદ વિદાય લીધી. ઉતારા ઉપર આવી ગયાં. ત્યારે રાતના અગિયાર વાગી ગયાં હતાં.

વિદેશની ભૂમિ ઉપર આવવાનું પૂ.શ્રીને ગમે છે, પણ આ રીતે દરરોજ મોડું થાય તે ગમતું નથી. પણ સંજોગો પ્રમાણે અનુકૂળતા-પ્રતિકૂળતા ચાલ્યા કરે છે.

આજના ટૂંકા પ્રવચન અંગે યુનિવર્સિટીએ આ રીતે માહિતી પરિપત્રિત કરી હતી :

University of Durban, Westville
DEPARTMENT OF HINDU STUDIES
and
DIVISION OF INDIAN PHILOSOPHY
(of the Department of Philosophy & Political Science)
invite you to a SHORT TALK on
INDIAN PHILOSOPHY & RELIGION
By
MAHATMA YOGESHWARJI (of India)
Date : Tuesday, 15 March 1983
Time : 11:00 (Fifth Lecture period)
Venue : L820

હરિઃ ॐ

—શ્રી‘મા’ સર્વેશ્વરી



## ॥ પૂ.શ્રી‘મા’ની ૨૬ કરોડ મંત્રયાત્રાની તવારીખ ॥

| | |
|---|---|
| ૭/૮/૧૯૯૫ | ૨૪/૩/૧૯૯૬ |
| ૧/૪/૧૯૯૬ | ૬/૮/૧૯૯૭ |
| ૭/૮/૧૯૯૭ | ૧/૪/૧૯૯૯ |
| ૨/૪/૧૯૯૯ | ૧૩/૧૨/૨૦૦૦ |
| ૧૪/૧૨/૨૦૦૦ | ૩૦/૬/૨૦૦૨ |
| ૧/૭/૨૦૦૨ | ૨૦/૧૦/૨૦૦૩ |
| ૨૧/૧૦/૨૦૦૩ | ૮/૧૨/૨૦૦૪ |
| ૧/૧/૨૦૦૫ | ૧૯/૧૧/૨૦૦૫ |
| ૨૦/૧૧/૨૦૦૫ | ૨૫/૧/૨૦૦૭ |
| ૨૬/૧/૨૦૦૭ | ૨૩/૨/૨૦૦૮ |
| ૨૪/૨/૨૦૦૮ | ૨૬/૧૨/૨૦૦૮ |
| ૧/૧/૨૦૦૯ | ૨૭/૧૦/૨૦૦૯ |
| ૨૮/૧૦/૨૦૦૯ | ૨૨/૭/૨૦૧૦ |
| ૧/૧/૨૦૧૧ | ૩૦/૧૦/૨૦૧૧ |
| ૧/૧/૨૦૧૨ | ૨૨/૧૧/૨૦૧૨ |
| ૧/૧/૨૦૧૩ | ૨૬/૧/૨૦૧૪ |
| ૨૭/૧/૨૦૧૪ | ૧૬/૨/૨૦૧૫ |
| ૧૭/૨/૨૦૧૫ | ૧૦/૧/૨૦૧૬ |
| ૧૧/૧/૨૦૧૬ | ૧૭/૧/૨૦૧૭ |
| ૧૯/૧/૨૦૧૭ | ૯/૧/૨૦૧૮ |
| ૧૦/૧/૨૦૧૮ | ૧૫/૧૨/૨૦૧૮+ત્રણ લાખ જપ |
| ૧/૧/૨૦૧૯ | ૨૪/૧૨/૨૦૧૯ |
| ૧/૧/૨૦૨૦ | ૩/૧૨/૨૦૨૦ |
| ૧/૧/૨૦૨૧ | ૩૦/૧૧/૨૦૨૧+૯ લાખ જપ |
| ૧/૧/૨૦૨૨ | ૨૬/૯/૨૦૨૨+૨૮ લાખ જપ |
| ૨૭/૯/૨૦૨૨ | ૩/૮/૨૦૨૩ |






# ।। મંત્રમયી 'મા' સર્વેશ્વરી ।।

પરમ સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજીના ૧૦૩મા પ્રાગટ્ય-દિનને જાણે આગોતરો વધાવવા જ તા.૧૫ ઑગસ્ટ'૨૩ના પહેલાં જ તા. ૩ના રોજ પૂજ્યશ્રી 'મા' સર્વેશ્વરીએ ૨૬ કરોડ જપની પૂર્ણાહુતિ કરી. શાસ્ત્રો કહે છે : ૧૩ કરોડ જપથી ધાર્યા સંકલ્પ સિદ્ધ થાય. પૂ.શ્રી'મા' કહે છે : 'પ્રભુએ માગ્યા ૧૩ કરોડ તો 'મા'એ ધર્યા ૨૬ કરોડ !' આવો અદ્‌ભુત અર્ઘ્ય ધર્યા પછી પ્રત્યેક કરોડ મંત્રના સવાલાખ જપ પ્રભુના આભાર માટે નોંધાવનાર પૂ.શ્રી'મા' અધ્યાત્મજગતનું એક અદ્‌ભુત આશ્ચર્ય છે.

મંત્રજાપની અપૂર્વ સંસિદ્ધિમાં પૂ.શ્રી'મા'ના આત્માનું અત્યંત વિરાટ સ્વરૂપ અનુભવાય છે. મનુષ્યઆત્મા ક્ષુદ્ર કે મામૂલી નથી, એ મહામૂલો છે; એની સંભવિતતાનું ભગીરથ ઐશ્વર્ય કેટલી હદ સુધી હોઈ શકે છે એ 'મા'ની તપશ્ચર્યાએ દર્શાવ્યું છે. કોઈ એકાંત ખૂણામાં પલાંઠી વાળીને નહિ, ચરણો સતત ગતિમાન, હાથમાં માળા, ગોમુખી, કાઉન્ટર બધું દશ્યમાન ગતિવંત, સ્ફૂર્તિવંત, તાજગીયુક્ત, રસમય ! કશું શુષ્ક, જડ, નીરસ નહિ. કેમકે 'રસો વૈ સઃ' આનંદ, પરમાનંદ, કેવળ પ્રસન્નતાનો તેમના સમગ્ર અસ્તિત્વમાં પ્રસાર ! આ જીવન વેઠ નથી, શામળિયા શેઠની પેઠ છે જે ઠેઠ સુધી પહોંચાડવાની ફરજ આપણી છે; આવી સતતવાહી કૃતજ્ઞતાથી 'મા'ની અનવરત જપયાત્રા થતી રહી.

પૂ.શ્રી'મા'ની આ અતિ વિરલ, અપ્રતિમ આધ્યાત્મિક સિદ્ધિને અન્ય કોઈ રીતે વધાવવાની, બિરદાવવાની વાતને

પૂ.શ્રી'મા'એ હળવેથી બાજુ પર મૂકી કહ્યું દરેકે જાતે પોતાની સાધના દ્વારા જ એને સત્કારવાની; અર્થાત્ સાધના સામે સાધના જ મૂકવાની ! પોતાની મહત્તા, મહિમા કોઈપણ કારણે, કોઈપણ રૂપે થાય એ 'મા'ને કદી અભિપ્રેત નથી. તેઓશ્રી પ્રસિદ્ધિને વિષ્ટા માને છે. 'સૂર્યનો કે આકાશનો ઈન્ટરવ્યૂ લો એ દિવસે 'મા' પાસે પ્રસિદ્ધિનો પ્રસ્તાવ લઈને આવજો. ઈશ્વરરચિત આ સૃષ્ટિમાં પંચમહાભૂત તત્ત્વોનો દાનયજ્ઞ સતત ચાલ્યા જ કરે છે, એમાં આપણા પ્રદાનનું કોઈ મહત્ત્વ નથી. આપણે સામાન્યથી પણ સામાન્ય છીએ.' આવી વિનમ્રતા 'મા'નું શીલ છે, સહજસ્વરૂપ છે. સાર્વત્રિક વ્યાપ્ત પ્રભુસત્તાનાં ગુણગાન એ જ 'મા'નું એક માત્ર લક્ષ્ય છે.

'સ્વર્ગારોહણ'માં ઉપસ્થિત તેમજ ગૃહેસ્થિત ભક્તોએ પણ પૂ.શ્રી'મા'નો અનુરોધ મસ્તકે ચઢાવી, ૧। લાખ મંત્રજપથી પૂ.શ્રી'મા'ના ૨૬ કરોડ જપ વધાવવાનો નમ્ર પ્રયત્ન કર્યો.

'અસ્તિ ભાતિ પ્રીતિ તત્ત્વમસિ'

અર્થાત્ ''મા' તમે છો, પ્રકાશો છો, તમે પ્રેમ છો, તમે જ છો.' એનો 'પ્રતિધ્વનિ' એક જ છે, 'મા', કે અમે કશું નથી, અમે ક્યાંય નથી પણ તમારા હોવાથી, તમારા સાધનાબળે સિદ્ધ સ્વરૂપથી અમને એટલું સમજાય છે કે; મનુષ્યતાનું આવું ઐશ્વર્ય સંભવિત છે, શક્ય છે. જે દરેક પોતાના સાધનાબળે જ એ સિદ્ધ કરી શકે, અન્ય કોઈ વિકલ્પ નથી. આ 'પરમ સત્ય'ની પહેચાન કરાવનાર પરમ મંત્રમયી પ્રેમમયી 'મા'ના શ્રીચરણોમાં સમગ્ર 'અધ્યાત્મ પરિવાર'નાં કોટિ કોટિ પ્રણામ.

**–સંપાદન**



# ॥ સદ્ગ્રંથ 'જપયોગ'નો સાર ॥

'જપ' એટલે કોઈ એક મંત્ર અગર ભગવાનના નામનું વારંવાર રટણ કરવું તે. ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે : 'યજ્ઞોમાં હું જપયજ્ઞ છું.' કલિયુગમાં જપ જ શાશ્વત શાંતિ, સુખ અને અમરતા આપે છે. તે ભગવાન સાથે એકતા અપાવે છે. જપ એક ટેવ બની જવી જોઈએ અને એ સાત્ત્વિક, દિવ્યભાવ, પવિત્રતા, પ્રેમ તેમજ શ્રદ્ધાયુક્ત કરવા જોઈએ.

જ્યારે તમે કોઈપણ મંત્રનો જપ કરો ત્યારે એવો ભાવ સેવો કે તમે તમારા ઈષ્ટ દેવતાને હૃદયથી પ્રાર્થના કરી રહ્યા છો ને તમારા ઈષ્ટ દેવતા ખરેખર તમને સાંભળી રહ્યા છે.

**'મંત્ર' એટલે 'મનનાત્ ત્રાયતે ઈતિ મંત્રઃ'.**

મનન, ચિંતન વડે જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ આપે તે મંત્ર. એ મનુષ્યના ચાર પુરુષાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષને અપાવનાર છે. મંત્ર 'આધ્યાત્મિક સાબુ' છે જેનું ઉચ્ચારણ મનની બધી અશુદ્ધિઓ દૂર કરે છે.

પ્રત્યેક મંત્રમાં ચૈતન્ય છૂપાયેલું છે, જે સાધનાને નવું જોમ આપે છે. તે વિષયો તરફ જતા વિચારપ્રવાહને અટકાવી, ઈશ્વર તરફ, શાશ્વત સુખની પ્રાપ્તિ તરફ વળવા ફરજ પાડે છે. ઈશ્વર સાક્ષાત્કાર માટેનાં સઘળાં સાધનોમાં મંત્ર મુકુટ કે રાજા કહેવાય છે કેમકે તે અત્યંત સરળ, સહેલો, આરામદાયી માર્ગ છે.

શરૂઆત કરનારે જપ માટે માળા રાખવી જોઈએ. પછીથી તે 'માનસિક જપ'નો આશ્રય લઈ શકે. જે માણસ નિયમિત અમુક કલાક જપ કરે તેનું હૃદય જલદી શુદ્ધ થાય. બને ત્યાં સુધી મંત્ર ખાનગી રાખવો જોઈએ.

**–સ્વામી શ્રીશિવાનંદ**

**(અનુવાદક : સ્વામી શ્રીભદ્ર)**

## ॥ યાત્રા ॥

## (જીવને શિવ બનાવવાની મહામંગલકારી યોજના)

આજે યાત્રા ? ક્યાં ? કેવી ? કોની સાથે ક્યારે ? કેટલા દિવસ મહિના, વરસ કે જન્મોની ?

અનંત જન્મોથી જીવ અનંત દેહ ધારીને સતત યાત્રા કરી રહ્યાં છે. એ મંગલ માર્ગે સંત મળે તો યાત્રા સફળ, ધન્ય. પૂર્ણ વિરામ પ્રતિ પગલાં ભરનારી બની જાય.

આ માનવદેહે 'મા'ની જીવનયાત્રા ૧૯૪૩, ૧૩ નવેમ્બરથી પ્રારંભ પામી. ૧૯૭૦-૭૧માં પેલા સમર્થ સિદ્ધ મહાપુરુષ મળ્યા. ધીરે ધીરે નકશો બદલાવા લાગ્યો. દિશા બદલાવા લાગી. વિષયો, રસ, બદલાવા લાગ્યા. સત્સંગ પ્રિય લાગ્યો. સંત પ્રિય લાગ્યા. અરે ! મૌનમંદિર પ્રિય લાગ્યું. સાધના કરવાનું મન થયું. જપનો પ્રારંભ થયો. તપનો પ્રારંભ થયો. સાત્ત્વિક સખીવૃંદને મળવાનો મોકો મળ્યો. હળવે હળવે શ્રીહરિએ કાયાપલટ કરવા માંડી.

જીવને શિવ બનાવવાની મહામંગલકારી યોજનાનો પ્રારંભ થયો. દિનપ્રતિદિન સંત પ્રિય લાગ્યા, સત્સંગમાં રસ વધ્યો. સાધનાનાં સત્કર્મ થવા લાગ્યાં. અનુષ્ઠાનો ને ઉપવાસો વધ્યા, અરે પ્રાર્થના વધી, ઉત્કટ બની. પ્રાર્થનાના પ્રત્યુત્તર મળવા લાગ્યા. લખવાની જરૂર નથી કે પ્રાર્થના સાત્ત્વિક વિષયોની થવા લાગી. પ્રાર્થનામાં શ્રદ્ધા વિશ્વાસ વધવા માંડ્યાં. આવો આ જીવનયાત્રાનો ક્રમ રહ્યો. જીવનયાત્રામાં સદ્‌ગુરુએ ભગવાન બનીને ધીરે ધીરે પોતાનું આશીર્વાદ મઢેલું, કૃપાથી છવાયેલું સ્વરૂપ પ્રત્યક્ષ કરવાનું શરૂ કર્યું. સદ્‌ગુરુના એ જન્માંતરના દૈવી વ્યાપાર સામે આ જીવે પણ યથાશક્તિ સમજપૂર્વક વધાવવાના,



વધારવાના પ્રયત્નો શરૂ કર્યા. સદ્‌ગુરુદેવે પોતાની સાત્ત્વિક સંકલ્પશક્તિનો સમ્યક્ ઉપયોગ શરૂ કર્યો. જીવને સાત્ત્વિક સંપત્તિથી સંપન્ન કરી, સંતજગતના સત્સંગભવનમાં પ્રવેશ અપાવ્યો.

અને સર્વ દિશાથી જીવનાં વળગણ, બંધનો તોડવાના ભગીરથ પ્રયત્નો શ્રીગુરુભગવંતે શરૂ કર્યા. એક ધન્ય ક્ષણે જીવને મુક્ત કરી, આઠે પ્રહર સંતસંનિધિ સુખનો મહાપ્રસાદ ધરી દીધો. એ તારીખ હતી : ૯, નવેમ્બર ૧૯૭૯ (૯/૧૧/૧૯૭૯).

એ દિવસ ધન્ય, ઐતિહાસિક જીવનયાત્રાના ઝળહળતા નિર્ણયનું એ મંગલ પર્વ હતું.

૧૯૭૯ થી ૧૯૮૪

૯/૧૧/૧૯૭૯ થી ૧૮/૩/૧૯૮૪

જીવને સંતસંનિધિનો મહાપ્રસાદ ચખાડ્યો અને અચાનક એ મહાપ્રસાદ શ્રીહરિએ હળવેથી પાછો અદૃશ્ય કરી દીધો. અને...

૧૮/૩/૧૯૮૪નો એ દિવસ જાણે જીવને જગાડનાર ઘંટારવ બની ગયો. સાધનાના શંખનાદ સંભળાવ્યા. તપની તીખી, તેજસ્વી પગદંડી પ્રગટાવી.

આ જીવનયાત્રા ૨૦૨૩ સુધી ચાલુ રહી. કયાં અટકશે ? કોણ પૂર્ણ વિરામ કરાવશે ? એ યાત્રાની દિશા કઈ હશે ? સાથે એ યાત્રામાં કોણ હશે ? કેવા વાહનમાં કેટલા દિવસ કે વર્ષો કે જન્મોની હશે ?

આ બધા જ પ્રશ્નોના પ્રત્યુત્તર પરમ સખા પાસે છે. આપણે ચાલવાનું છે, દોડવાનું છે. ઉડવાનું છે. સપને પણ થાકવાનું નથી. આગળ ને આગળ શ્રદ્ધાભક્તિથી પ્રત્યેક પગલાં પરમાત્મા ભણી ભરતા રહેવાનું છે.

ગુરુદેવ સમર્થ હશે તો આંગળી પકડશે. તે પહેલાં આંગળી ચીંધશે, તે પહેલાં સાત્ત્વિક સંકલ્પથી જીવને સત્સંગમાં દોરશે—

આંગળી પકડીને પછી જ હાથ પકડશે. આપણા પ્રત્યેક પગલે પડખે રહેશે. આગળ ચાલીને છત્ર ધરશે. પાછળ ચાલીને પકડતા રહેશે. અરે ! પ્રત્યેક પગલું પોતાના વરદ અભય કરકમળમાં ઝીલશે. જીવનના પ્રત્યેક પગલાને ધરતી ઉપર નહિ, પોતાના કરકમળમાં પધરાવશે. ગુરુદેવની આ ભાવભક્તિથી ભરેલી, દયા, પ્રેમ ને કરુણાથી છલકાતી, ધીરજ અને હિંમત, શ્રદ્ધા અને સન્માનથી ઉભરાતી, આ ભગીરથ પ્રયત્નોથી ભરેલી બહુજનહિતાયના આદર્શોને વરેલી આ પ્રવૃત્તિની કોની સાથે તુલના થઈ શકે ?

શિષ્ય માટે જ અવતાર પામેલી એ 'અવતારી વિભૂતિ' કેટકેટલું મથે છે ! ઝંખે છે, પ્રાર્થે છે. અનંત જન્મોની જાળને કાપવા માટે ઝઝૂમે છે. પોતે તો પરમ મુક્તિને પામ્યા છે. પરમાત્માદર્શનથી પરિતૃપ્ત છે. સાધનાના સર્વોત્તમ શિખરે આસન માંડીને બેઠા છે. છતાંયે તળેટી પર સંસારી રમત રમનારાંને ઉપર ઉઠાવવા સ્વયં નીચે ઊતરે છે. કેવું એ કષ્ટપ્રદ હશે ? માસ્ટર ડીગ્રી લીધા પછી કે.જી.માં ભણવા બેસવું પડે કેવું કઠિન લાગે ?

સાચા, સમર્થ ગુરુદેવ જે યુગેયુગે સ્વજનોના પરમ કલ્યાણ માટે પૃથ્વી પર પધારે તેમનાં યુગકાર્યો કેવાં હશે ? કલ્પના કરતાં ધ્રૂજી ઊઠાય એવાં !

અરે ! આજે તો એક દેશથી બીજા દેશ અમેરિકાથી કૅનેડાની યાત્રાનો પ્રારંભ છે. 'યાત્રા' શબ્દ લખાયો અને 'જીવનયાત્રાની વાતો' પરમ સખાએ લખાવી. અરે ! એમણે જ તો લખી. જરૂરી હોય તેવું ને તેટલું તેઓ લખે, લખાવે, એમાં 'મા'ને શું ?

'મા' પાસે જે સાધનભજન કરાવવું હશે તે કરાવે. જે લખાવવું હોય તે લખાવે. જ્યાં એ પરમ સખાને ઉતારવાં હોય ત્યાં ઉતારે. જેને જેને મેળવવા હોય તેને મેળવે. એની ઈચ્છાનો સદાકાળ જય જયકાર હો ! પરમની ઈચ્છામાં જીવનો સદાકાળ



પરાજય હજો. નમતાં-ગમતાં રહી, શિવની સર્વ ઈચ્છા વધાવવાની શક્તિ ધરજો. હે નાથ ! સર્વકાળે સર્વસ્થળે, સર્વ શ્વાસે આપનું જ રાજ્ય સ્થપાજો.

આજે અમેરિકાથી કૅનેડાની યાત્રા છે. વર્ષોથી 'મા' પ્લેનને બદલે ગાડીમાં જ કૅનેડા જવાનું પસંદ કરે છે. એકવાર ઘરેથી ગાડીમાં બેઠાં તે ૮, ૧૦ કલાકે ઊતરવાનું. શાંતિથી પલાંઠી વાળીને બેસવાનું ફાવી ગયું છે.

માટે નક્કી થયું બે ગાડી લેવી. દેવાંગભાઈ અને કમલેશભાઈ સારથિ બનશે. અર્પિતા, રક્ષિતા, ક્ષિપ્રા, સરોજબેન, વિનોદભાઈ પણ આ યાત્રામાં જોડાશે.

યોજના બની ગઈ. સૌ સવારે હાજર થઈ ગયાં. વરદ હસ્ત ને પાંચ પ્રણામ કર્યા છે. તે પહેલાં આજે પ્રણામપૂજા કરતાં બે પંક્તિ લખાઈ હતી તેની વાતો થઈ છે.

અહીં મંદિરની બાજુમાં શ્રી શારદાબહેનનો ફોટો મૂક્યો છે તે જોતાં 'મા'ને યાદ આવે છે કે, અરે ! આ પણ મોટાંબેન તરીકે જીવનઘરમાં આવ્યાં અને ગયાં.

અરે ! આપણે તો જન્મથી જ કેટકેટલાંને જીવનઘરમાં બેસાડીને ભીડ કરીએ છીએ. સંતોને આપણા જીવનઘરમાં પ્રવેશવું છે. બહાર વાટ જોઈ ઊભા છે પણ આપણે ભીડ ઓછી કરીએ તો ને ! સંત કેવી રીતે ક્યાં વિરાજે ?

આવા વિચારોમાં બે પંક્તિ લખાય છે :

'જીવનઘરમાં ભીડ અતિ ભારી
હરિ વિણ કોણ શકે નિવારી ?'

**–શ્રી'મા' સર્વેશ્વરી**

**(યુ.એસ.એ. થી કૅનેડાને રસ્તે ગાડીમાં લખાયેલ લેખ)**

તા.૮/૬/૨૦૦૩

# ॥ એક નાનકડી યાત્રાનું ભવ્ય જીવનપાથેય ॥

ઈ.સ.૧૯૫૫-૫૬માં પૂજ્યશ્રી યોગેશ્વરજી એકલા અને ૧૯૬૪માં પૂજ્યશ્રી માતાજી સાથે જ્યાં પધાર્યા હતા, તે શ્રી કમલ બીલેશ્વર મહાદેવનું પવિત્ર સ્થાન અને ૧૪૦ વર્ષ પહેલાં બાયલના જાની પરિવારના કમલબાની પવિત્રતાની સાક્ષી બનેલું સ્થાન પૂ.શ્રી'મા'ને 'કોઈ અગમ્ય કારણસર' પોકારતું હતું. તેથી તા.૨૮/૮/૨૩, શ્રી ગુરુદેવ ભગવંતનો તિથિ પ્રમાણેનો પ્રાગટ્યદિન 'પવિત્રાબારસ આવતાં શ્રાવણના સોમવારના સુભગ અવસરે પૂ.શ્રી'મા'એ એક નાનકડી યાત્રાનું આયોજન કર્યું અને લગભગ ૨૨૫ ભક્તો સાથે પૂ.શ્રી'મા' બાયલ પધાર્યા.

પૂ.શ્રી'મા'એ પોતાની લાક્ષણિક શૈલીમાં જણાવ્યું કે; 'કોઈ મોટા માણસ આપણને કહેવા ન આવે કે કામ હોય તો કહેજો. આપણે જ જવું પડે, કામ હોય તો.' કમલબાની રક્ષા કરી, સતીત્વની રક્ષાનું કવચ ધર્યું તે બીલેશ્વર કેવા સમર્થ છે ! એની સમર્થતા માણવા દરેકે રોજ એક પ્રણામ મનથી કરવા.'

આ સ્વયંભૂ મહાદેવના મંદિર સાથે જોડાયેલી જાની પરિવારની પાંચ પેઢી પહેલાંની 'એક સત્ય ઘટના' પર શ્રી રાજુભાઈ જાનીએ પ્રકાશ પાડ્યો. બાયલની શાળાના ૨૪૦ વિદ્યાર્થીઓને વૉટરબૅગ, ટિફિન, નોટબુક, પેન્સિલ, કંપાસ, ટી શર્ટ અને બુંદી ચવાણાનો પ્રસાદ વહેંચાયો. દરેક ઘર દીઠ ટુવાલ, બેટરી, ચીકી અને શિવમહિમ્નસ્તોત્રની પુસ્તિકા સી.ડી. અપાયાં.

પછી ભક્તસમૂહ શિવમહિમ્નસ્તોત્ર, અમરનાથસ્તુતિ તેમજ



'ૐ નમઃ શિવાય'ની ધૂનમાં મસ્ત બની ઝૂમી ઊઠ્યો. ગામના એક શિક્ષકભાઈશ્રીએ ઘણી રસમય વાતો કરી અને પૂ.શ્રી'મા'નો હૃદયપૂર્વક આભાર માન્યો. મંદિરમાં શિવપૂજા, ત્રણ વાર ગંગાજળનો અભિષેક કરાયો. મંદિરને ફરતે ૫૦-૬૦ વૃક્ષો રોપાયાં, મંદિરની પાછળનો રોડ બનાવવાની જાહેરાત થઈ. ૯ થી ૨ નો સમય આમ બહુ સુખમય રહ્યો.

બ્રહ્મપુરીમાં ભવ્ય ભોજનપ્રસાદ લીધા પછી ભક્તો 'સત્સંગનું અમૃત' પામ્યા. પૂ.શ્રી'મા' કહે : 'આજે પૂ.શ્રીનું પ્રાગટ્યપર્વ છે અને જાની પરિવાર પાસે 'સંસ્મરણોની સંપત્તિ' છે તો દાનવીર કર્ણ બની સૌ એ લૂંટાવે.' શ્રી અજયભાઈ, શ્રી પિનાકિનભાઈ, શ્રી પ્રેરણાબેન, શ્રી સતીશભાઈ વગેરેએ સુંદર રીતે પૂજ્યશ્રી સાથેના અનુભવોની વાત કરી.

પૂજ્યશ્રી'મા' એ કહ્યું; 'પૂજ્યશ્રી પધારે તેની પૂર્વભૂમિકામાં માતાજી પ્રથમ પધાર્યા તેથી આપણું મસ્તક તેમના શ્રીચરણોમાં ઝૂકવું જોઈએ. પૂજ્યશ્રીને અમે તો વિવિધરૂપે જોયા જાણ્યા-માણ્યા. માતૃભક્ત મહાત્માસ્વરૂપે મંચ ઉપર જ્ઞાનીસ્વરૂપે, પ્રભાતે આસનો કરનારા યોગીસ્વરૂપે ! સૂર્યનારાયણ જેવું અતિ નિયમિત, સ્વચ્છ, પારદર્શક, વંદનીય વ્યક્તિત્વ. જાણે અમારા માટે જ પૃથ્વી પર પ્રગટ્યું ! એક મહાપુરુષમાં અધ...ધ...ધ કેટલી બધી વિશેષતાઓ જોવા મળી !'

ગુરુસ્વરૂપે ઘડતર કર્યું તો સખીસ્વરૂપ ધરીને જીવન સજાવ્યું. સત્સંગની બેઠક હોય તે પહેલાં પૂ.શ્રી કહે; 'ચાલો, હું પણ શેતરંજી પાથરવા લાગું.' સાદાઈ, નમ્રતાનો સમન્વય. એવા મહાપુરુષના નામે જ આપણે 'સ્વર્ગારોહણ'માં આવીએ છીએ. પ્રવેશતાં જ સામે ઊભા છે. જાણે સૌની વાટ જુએ છે ! એ

સ્વરૂપને જેટલું જીવંત માનીશું તેટલું તે સ્વરૂપ આપણું ગૂંચવાયેલું કોકડું ઉકેલી આપશે. આપણું સદ્ભાગ્ય છે કે આ દેહ અને આ આંખથી એમનું દર્શન થયું. એમની અમૃતવાણીથી કાન પ્રસાદરૂપ બન્યા.'

આપણે આખા પ્રસાદરૂપ બની ગયા તો તે સુગંધ ને પ્રસાદ જીવનમાં સાચવવાં પડે. જે પગથી આપણે એમના સત્સંગમાં ગયા તે પગ હવે બીજે, આડેઅવળે ન જાય તેનું ધ્યાન આપણે રાખવું પડે. આપણી જવાબદારી વધી જાય છે. એમનું પ્રતિબિંબ બનવાના આપણા પ્રયત્નો હોવા જોઈએ. આજે પ્રાગટ્યપર્વે માગીએ કે; 'અમને આપના સર્વ આદર્શો જીવનમાં ઉતારવાની શક્તિ આપજો.'

પૂ.શ્રી'મા'એ બ્રહ્મપુરીના તીર્થઆંગણે શ્રી દેવાંગભાઈ-અર્પિતાબેનની પ્રસાદી 'કર્ણામૃત'નું શ્રવણ કરાવ્યું.

છેલ્લે શ્રી રાજુભાઈએ પૂ.શ્રી'મા'ને આવી અખંડ કૃપા સતત વરસાવવા માટે પ્રાર્થી, કહ્યું; 'જીવનમાં ગુરુકૃપા ન મળે તો બધું જ નિરર્થક છે.'

કાર્યક્રમને અંતે પૂ.શ્રી'મા'એ શ્રી સતીશભાઈના આરોગ્ય માટે સમૂહમાં 'વરદ હસ્ત પ્રભુ'ની પ્રાર્થના કરાવી અને શ્રી રાજુભાઈ માટે ૫ મિનિટ મંડપ ગજવી નાંખે તેવી ધૂન કરાવી.

આમ એક 'નાનકડી યાત્રા' ભવ્ય જીવનપાથેયનું નિમિત્ત બની ગઈ.

**–શ્રી દર્શના ત્રિવેદી**

✻



# ॥ શ્રીકમલ બીલેશ્વર તીર્થનો મહિમા ॥

## (પવિત્રતાની અગ્નિ પરીક્ષા)

ભક્ત સુધન્વાની ઉકળતા તેલની કડાઈમાંથી ભગવાને રક્ષા કરી. તે વાંચેલી, પણ યુગો પછી એવી જ સત્યઘટના બાયલના જાની પરિવારમાં બ્રાહ્મણ સમાજમાં બની હતી.

બાયલ એક નાનકડું ગામ મોડાસા તાલુકાની પાસે આવેલ છે. હિંમતનગરથી મોટર માર્ગે ત્યાં જઈ શકાય છે. આજથી લગભગ ૧૪૦ વર્ષ પહેલા બાયલ ગામમાં કમલબા ને હરિરામદાદા ગૃહસ્થી, સંતપ્રેમી બ્રાહ્મણ દંપતી હતાં. કમલબા વિધવા થયા પછી પણ પૂર્વના ઘણાં પ્રબળ સંસ્કારોને લઈને સંત સમાગમમાં ઊંડું સુખ અનુભવતા. સાધુસંતોની ખૂબ જ પ્રેમથી સેવા કરતા.

એકવાર દેવયોગે જ એક પરમ પ્રતાપી સંતપુરુષ ફરતા ફરતા બાયલ ગામમાં આવી પહોંચ્યા. ચાતુર્માસ કરવા આવેલા. આ સંતના દર્શન-સત્સંગનો લાભ ગામના ભાવિક લોકો નિયમિત લેતા. કમલબા પણ દર્શને અવારનવાર આવતાં અને મનમૂકીને મહાત્માની સેવા કરતાં. ગામમાં કેટલાક અશુભ તત્ત્વો રહેતાં. તેમણે કમલબાના ચારિત્ર્ય ઉપર આક્ષેપ મૂક્યો. વિચિત્ર ને વિવિધ વાતો સાંભળી કમલબા ખૂબ દુઃખી થયાં. કમલબા સ્વમાની, પરમ પવિત્ર જીવન જીવનારાં માતા એટલે એમણે પોતાની પવિત્રતાનું પારખું બતાવવા પડકાર ઝીલી લીધો. ઉકળતા તેલની કડાઈમાં હાથ બોળી પવિત્રતાની કસોટીમાંથી

પસાર થવાનું હતું. પોતે પોતાના નિર્ણયમાં ખૂબ મક્કમ રહ્યાં પરિવારના સૌ વંશવારસોને આજ્ઞા કરી કે જો હું પવિત્રતાના આ પારખામાં નિષ્ફળ જાઉં અને મારું મરણ થાય તો તમે મારા વંશ વારસો પણ કૂવા ઉપર ઊભા રહેજો ને ભાઈઓ, દીકરાઓ, બધા એકબીજાના હાથમાં હથિયાર લઈને તૈયાર રહેજો, કૂવો પૂરજો ને કાપી મરજો.

કમલબા અભણ હતાં છતાં એમની ઈશ્વરની કૃપામાં અને સત્યના વિજયમાં શ્રદ્ધા હતી. નક્કી કરેલા દિવસે કમલબાના આ અગ્નિપરીક્ષાના સાહસને જોવા આસપાસના ગામના લોકો અને જાગીરદારો, ઠાકુર બધા જ હાજર રહ્યા. ગામની બહાર આવેલા મહાદેવના મંદિર પાસે બીલીના વૃક્ષ નીચે ઉકળતા તેલની કડાઈ તૈયાર થઈ.

કમલબા સ્નાન કરીને હાથ જોડીને કડાઈ પાસે ઊભાં રહ્યાં હે પ્રભુ ! મારો અને સંતપુરુષનો સંબંધ કેટલો પવિત્ર છે એ તો આપ જાણો છો. તો આજે મારી રક્ષા કરજો ! માનસિક રીતે જરાક ભયભીત હતા પણ એ શ્રદ્ધાળુ ભક્તની આંખે ઉકળતા તેલની કડાઈની ફરતે કીડી ચાલતી જોઈ. આ જોઈ શ્રદ્ધા ને વિશ્વાસ ખૂબ દૃઢ બની ગયાં અને પ્રભુ આ પારખામાંથી સુરક્ષિત પાર ઉતારશે જ એવો વિશ્વાસ થઈ ગયો. ભગવત નામ સાથે કમલબાએ પોતાના બે હાથ ઉકળતા તેલમાં નાખ્યા અને તે હાથોની રક્ષા થઈ. જોનારામાંથી કોઈક બોલ્યું તેલ ઠંડું હશે. આ સાંભળતાં જ કમલબાએ તેલમાંથી હાથ કાઢીને તેલ ઉડાડ્યું તો તેલના તે છાંટા બીલીવૃક્ષના પાંદડાં ઉપર પડ્યા ને તે પાંદડાં બળીને ખરી પડ્યાં.



સૌને ખાતરી થઈ કે તેલ ખરેખર ગરમ છે. કમલબા ત્યાર પછી ઉકળતા તેલની કડાઈમાં ભગવાનના નામ સાથે પ્રવેશ્યાં ને પ્રભુની પરમકૃપાથી સંપૂર્ણ રક્ષાયેલાં બહાર આવ્યાં.

ગામલોકો, જાગીરદારો, ઠાકુરો સૌએ કમલબાનો જય જયકાર બોલાવ્યો. સંકુચિત દિલના ટૂંકી દૃષ્ટિવાળા નિંદાખોરો મૂંગા થઈ ગયા. લોકોએ કહ્યું, આ આ યુગમાં આવાં સતીમા તો પહેલીવાર જ જોયાં, જાણ્યાં. પવિત્રતાની આકરી કસોટી લેનારા ગામના આગેવાનોએ સૌના વતી એ સન્નારીની ક્ષમા યાચી. અને તેમની આનાકાની છતાં અત્યંત આગ્રહપૂર્વક એમની કદરરૂપ કમલબાને સો વીઘાં જમીન અર્પણ કરી.

થોડાક સમય પછી તે સંતપુરુષે ગામમાંથી વિદાય લીધી અને કમલબાએ પણ પોતાનું શરીર છોડી દીધું. ગામલોકોએ શ્રી કમલબાની સ્મૃતિમાં મહાદેવના શિવલિંગની ફરતે નાનકડી દહેરી બંધાવી. આજે પણ એ દહેરી બાયલના પાદરે છે. જે બીલેશ્વર મહાદેવના મંદિરરૂપે નવનિર્માણ પામી છે. સૌ ત્યાં દર્શન કરી શકે છે. કમલબાને ઇનામમાં મળેલી ૧૦૦ વીઘાં જમીનનો વહીવટ વર્ષો સુધી વંશવારસોએ કર્યો. જમીન વેચાઈ ગઈ પરંતુ કમલબાની સ્મૃતિ, વીરતા, પવિત્રતા હજી એવાં જ જીવંત છે. પ્રેરક છે; દીવાદાંડી જેવાં છે. પગદંડી કંડારે તેવાં છે.

આ જીવનકથા કોઈ વિરક્ત એકાંતવાસી ત્યાગી પુરુષની નથી. પરંતુ સમાજ વચ્ચે રહેનારી ને શ્વાસ લેનારી એક સામાન્ય સ્ત્રીની છે. અને એટલા માટે જ તે વધારે પ્રેરક છે.

**—સંકલન**

# ॥ પૂ.શ્રી'મા' સર્વેશ્વરીનો સંક્ષિપ્ત પરિચય ॥

પૂજ્ય શ્રી યોગેશ્વરજીએ હિમાલયની પુણ્ય ભૂમિમાં અનેક ઉપવાસોનો આધાર લઈ, કઠોર તપશ્ચર્યા તથા પોકારો અને પ્રાર્થનાના પરિપાકરૂપે 'મા' જગદંબાને 'મા' સર્વેશ્વરીના રૂપમાં પૃથ્વી પર પ્રગટાવ્યાં.

પૂ.શ્રી'મા' સૌથી પહેલાં સુરતમાં પૂ.શ્રીના પ્રવચનથી ખૂબ પ્રભાવિત થયાં અને પૂ.શ્રી યોગેશ્વરજી પહેલાં નમનને પાત્ર જણાયા પછી 'આરાધ્ય' બની ગયા. પૂર્વ જન્મના ઉચ્ચ સંસ્કારોના પરિણામ સ્વરૂપ પૂ.શ્રી'મા' પહેલેથી જ સાધનાપરાયણ જીવન જીવતાં. તેમની સંકલ્પશક્તિ અને નિયમિતતા પહેલેથી જ હિમાલયના ઉચ્ચતમ શિખર જેવાં.

તેમની સાધનાક્ષેત્રની વાત કરીએ તો પૂ.શ્રીના દિવ્ય લીલા સંવરણ બાદ એટલે કે ૧૯૮૪ થી તેમણે અનાજ, મીઠું, ખાંડ વગેરેનો ત્યાગ કર્યો. લગભગ ૪૫૦૦ થી પણ વધારે નિર્જળા ઉપવાસ કર્યા છે. હજી હમણાં જ તેમના ૨૬ કરોડ જપની પૂર્ણાહૂતિ થઈ છે. દરરોજ નિયમિત ૨૨૫ દંડવત્ પ્રણામ પ્રભુને અર્પણ કરી જાણે આપણને સૌને તેમની વિનમ્રતાનાં દર્શન ન કરાવી રહ્યાં હોય ! માતા ઉમાની તપશ્ચર્યા, મીરાંબાઈનું સમર્પણ, સીતામાતાનો ત્યાગ, શબરીબાઈની શ્રદ્ધાનો સુભગ સમન્વય એટલે પૂજ્ય 'મા' !

પૂ.'મા'ની કાર્યપ્રણાલી પૂ.શ્રી કરતાં થોડી ભિન્ન જણાય છે. પૂ.'મા' સમષ્ટિગત રીતે નહિ, પરંતુ વ્યક્તિગત રીતે દરેકના જીવનમાં પ્રવેશી, પ્રેમના પાવન સ્પર્શે તેના હૃદયપ્રદેશમાં પોતાનું સંપૂર્ણ સામ્રાજ્ય સ્થાપી દે છે. મસ્તક પર પ્રેમભીનો હાથ ફેરવી, જીવનસફરના તીખા તાપને શીતળ છાંયડીમાં પલટાવી દે છે.

પૂ.શ્રી'મા' બાળકો સાથે તેમનાં જેવડાં થઈ પ્રસાદની વર્ષાથી દરેક બાળકને પોતાનાં કરી લે છે. તો વળી યુવાનોને મૈત્રી, પ્રેમ અને હૂંફભર્યા વ્યવહારથી પવિત્રતા અને પુરુષાર્થનાં મૂલ્યોની સમજ આપે છે. વૃદ્ધોને આરોગ્ય જાળવણી તથા મનને બાહ્ય જગતથી અલિપ્ત રાખવાની કળા શીખવે છે.

પૂ.'મા' ફક્ત આધ્યાત્મિકતાના માર્ગ પર ચાલવાનો જ ઉપદેશ



નથી આપતાં, પરંતુ માનવતાનાં મૂલ્યોને સમજીને નીતિ અને સત્યના માર્ગે ચાલી સર્વાંગી વિકાસ સાધવાનું માર્ગદર્શન આપે છે.

પૂ.'મા' દેશવિદેશમાં યુવાનો માટે અવનવા કાર્યક્રમોનાં આયોજનો કરે છે. એ પછી બાળકોની ફૂલવાડી હોય કે યુવાશિબિર હોય, યજ્ઞોપવિત સંસ્કાર હોય કે યાત્રાઓ હોય કે સત્સંગ હોય કે ભજન-કીર્તન, ગરબા હોય કે ડી.વી.ડી. દર્શન હોય પ્રવૃત્તિનું ખૂબ સરસ સંચાલન કરી 'શ્રેષ્ઠ મેનેજમેન્ટ ગુરુ' પુરવાર થયાં છે.

દિનરાત સંપૂર્ણ વ્યસ્ત હોવા છતાં પૂ.'મા'ના મુખ ઉપર હંમેશાં તાજગી અને પ્રસન્નતા જ જોવા મળે છે.

પૂ.શ્રી'મા'નાં દર્શન કરવા માટેનું સ્થાયી સરનામું અને અસ્ખલિત વહેતી મમતાની સરિતામાં સ્નાન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરવાનું સ્થાન એટલે 'સ્વર્ગારોહણ !' પૂ.'મા'એ આ સ્થાનને સત્કર્મો તથા સાત્ત્વિક પ્રવૃત્તિથી ધબકતું રાખીને એક 'જીવંત તીર્થનું' નિર્માણ કર્યું છે. પૂ.શ્રી'મા' દરેકમાં રહેલી વિશેષતાને આવકારી તેનામાં રહેલી આંતરિક શક્તિઓને બહાર લાવવાનો સતત પ્રયાસ કરે છે. તેને કારણે દરેકને 'મા' મારાં જ છે એવું લાગે છે.

પૂ.શ્રી'મા' નિયમિત લેખન કરે છે. અને તેમણે ઘણાં દિવ્ય પદો તેમજ ભજનોની રચના કરી છે. તેમની લેખિનીમાં જાણે સ્વયં માતા સરસ્વતી બિરાજ્યાં હોય તેવું સહજ સુંદર સર્જન પૂ.'મા' દ્વારા થાય છે.

અંતમાં એટલું જ કહીશ કે, એમના એ જીવનોપદેશમાંથી આપણે આપણી ક્ષમતા અને પાત્રતા પ્રમાણે જેટલું લેવાય તેટલું ગ્રહણ કરીએ અને આપણા જીવનને મઘમઘતું કરીએ. 'આત્મિક સુખના દિવ્ય ભંડાર' સમાં 'મા' સર્વેશ્વરીની સંનિધિ પામવા એક ડગલું ભરીએ તો પાછળનાં બધાં જ પગલાં એ પરમશક્તિ સ્વયં ભરીને આપણો બેડો પાર કરશે જ.

પરમ કરુણામયી પૂ.શ્રી'મા'નો જય જયકાર હો ! તેઓશ્રીના શ્રીચરણકમળમાં શત શત વંદન.

**—શ્રી સુકૃતિ જાની**

# ।। સાધારણતામાં છૂપાયેલ અસાધારણતા ।।

'દીવો કોડિયામાં બળતો હોય ત્યારે એ કોડિયાનો અને કોડિયું બનાવનાર કુંભારનો સંબંધી લાગે પરંતુ એનો સાચો આંતરિક નાતો તો સૂરજ-તારાની આખી નક્ષત્રમાળા સાથે, પ્રકાશની આખી પેઢી સાથે છે.'

શ્રી કૃષ્ણપ્રેમની આ વાત એક અતિ સાધારણ દેખાતા છતાં અત્યંત અસાધારણ આંતરઐશ્વર્ય ધરાવતાં 'મા' સર્વેશ્વરીના સંદર્ભમાં સંપૂર્ણ સાચી લાગે છે. કારણ કે, એમનો બાહ્ય દેખાવ, પહેરવેશ, કપૂરાના ભક્ત કબીર સમાજની, માતાપિતાના પરંપરાપ્રાપ્ત સંસ્કારવારસાની એક જીવંત તસવીર સમો ભાસે. અત્યંત કૃશ-સૂકલકડી કાયા, એને આવૃત્ત શ્વેત ગુજરાતી ઢબે ધારણ કરેલી સાડી, તેલથી સંમાર્જિત વ્યવસ્થિત વાળ, કપાળમાં લાલ નાનો ચાંલ્લો, ગળામાં સોનાનો દોરો, કાનમાં સોનાની નાની બુટ્ટીઓ, એક હાથમાં સોનાની બે બંગડીઓ, બીજા હાથમાં સોનાની પટ્ટીવાળું નાનકડું ઘડિયાળ બધું એટલું સામાન્ય, સાધારણ કે એમની પાસેથી પસાર થઈ જઈએ તો એમના ભીતરી ઐશ્વર્યનો અણસાર સુદ્ધાં ન આવે. એકદમ unassuming (અકલ્પ્ય) વ્યક્તિત્વ !

હા, પણ જરા ધ્યાનથી જોઈએ તો તેમના મુખમંડળ પર સદા વિલસતું હાસ્ય, વાત-વાતમાં નેત્રકમળોમાં ચમકતું તેજ, નાજુક હસ્તકમળોની કોમળ કરાંગુલિઓની કાર્યતત્પરતા, કોમળ ચરણદ્વયની ચપળતા ને દેહમાં હોવા-રહેવા છતાં દેહભાવથી પર એવી હળવાશભરી મુક્તિનો પ્રસન્નકારી અનુભવ કરાવતાં સુઘડતા, સ્વચ્છતા, પવિત્રતાની મંગલમયતાનો જાણે સાક્ષાત્કાર થાય. એમની સ્થિર સ્થિતિમાં અદ્ભુત શાંતિ અને એમની ગતિમાં-હલનચલનમાં સહજ સ્ફૂર્તિ અને ચૈતન્યનો પ્રસાર અનુભવવા મળે.

અને જ્યારે 'મા'ના અસ્તિત્વના ઊંડાણમાંથી વહી આવતાં સૂક્ષ્મ પ્રેમનાં અમી છાંટણાંથી ભીંજાવા સદ્ભાગી બનાય ત્યારે તો આપણાં મન-અંતર પ્રક્ષાલિત થયા વિના રહે જ નહિ. સૂર્ય સંમુખ થાઓ અને અંધકાર મીટ્યા વિના રહે જ નહિ એમ આત્માના એ આલોકથી અસ્પૃષ્ટ કોઈ રહી શકે જ નહિ.



એ જ્યારે પોતાના હસ્તકમળમાં સ્લેટ ગ્રહી, એના પર શ્રીકલમ ચલાવે ત્યારે તેજેમઢ્યા શબ્દોથી આપણી સાથે સંવાદ કરે ત્યારે ચૈતન્યઓઘ એમાં ઊમટતો જોવા મળે.

કહે છે કે; 'ગુરુની પાસે એક 'શીતળ ઊર્જા' હોય છે. તેઓ સ્વયં શાંત હોય છે, મૌન હોય છે, તેમની પાસે એક સરોવર હોય છે એમાં તમે ડૂબકી મારો, લીન થાઓ એ જ સાચું સ્નાન, તીર્થસ્નાન !' ક્યારેક બોલવાથી મળે, ક્યારેક ન બોલવાથી મળે, ક્યારેક 'મા'ના સ્લેટ પરના લિખિત શબ્દોરૂપે મળે ક્યારેક મૌનરૂપે ! ક્યારેક જોવાથી મળે, ક્યારેક આંખ બંધ કરવાથી મળે. ક્યારેક એમના બેસવાથી મળે, ક્યારેક એમના ઊઠવાથી મળે. એમ 'મા' પાસે જવાથી અનેક રૂપે, અનેક રીતે મળે છે. પણ એ સર્વ આપણને આંજવા નહિ, માંજવા આવે છે. અને આપણા રજસ્-તમસ્ ખંખેરાઈ જતાં, આપણી સાત્ત્વિકતામાં આપણે સ્થિર થઈ જઈએ છીએ. એ સ્વયં સત્યસ્વરૂપ હોવાથી આપણામાં રહેલું અન્યથા-મિથ્યાતત્ત્વ ત્યાં ફરકી સુદ્ધાં નથી શકતું, એનો ભાગે છૂટકો થાય છે. આપણું 'ભીતરી સત્ય' પણ જાણે પ્રગટું-પ્રગટું થઈ રહે છે. પૂ.શ્રી મોટા કહે છે તેમ, 'સાચા ગુરુ આપણને શીખવવા નહિ, જગાડવા આવે છે.' અને આપણી જાગૃતિ પણ હળુ હળુ અતિ શાંત. અતિ પ્રચ્છન્ન રીતે, 'મા' જેવા સાચા સંતની સંનિધિમાં ઝબકી જાય છે.

તો 'મા'ની સ્નેહસંનિધિથી એમનામાં વ્યાપ્ત સૂક્ષ્મ આંતરઐશ્વર્યની પ્રતીતિ આપણને સહજ થાય છે અને આપણને થાય છે કે, આ 'મા'ની આંતરજ્યોતનો નાતો માત્ર એમનાં માતાપિતાની અધ્યાત્મપ્રીતિ સાથે નહિ. અધ્યાત્મના અનસ્ત સૂર્ય શ્રી યોગેશ્વર સાથે જ નહિ, જ્ઞાન, ભક્તિ કર્મથી પરમાત્મપ્રેમપંથે ચાલી નીકળેલ હરેક આત્મા સાથે છે. કોઈ સદ્ગ્રંથ, કોઈ સદ્ગુરુ, કોઈ શાસ્ત્ર, અરે કોઈ મનુષ્યાત્મા, વનસ્પતિ આત્મા કે સૃષ્ટિના કોઈ આત્માંશથી 'મા' અનુસંધિત નથી એવું નથી.

**—સંકલન**

# ।। અનન્ય ગુરુભક્તિ ।।

'મા'ની ગુરુભક્તિ અનન્ય, અનુપમ અને અદ્વિતીય એટલા માટે સિદ્ધ થઈ શકી કે, એમણે અનુપમ એવું શિષ્યત્વ ધારણ કર્યું, જે હરીફરીને એક જ વાત ઘૂંટે છે : 'હું છું જ નહિ, હું તો ગળી ગઈ છું, ભળી ગઈ છું, એકરૂપ થઈ ગઈ છું પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી ગુરુમાં. આવાં સંપૂર્ણ સમર્પિત 'મા'નું નિર્માણ જાણે પંચમહાભૂત તત્ત્વોમાંથી નહિ પણ નરી ગુરુભક્તિમાંથી જ ન થયું હોય ! સંત શ્રી જ્ઞાનેશ્વરના શબ્દોમાં કહીએ તો; જેણે પોતાનાં શરીરને ગુરુભક્તિનું મંદિર બનાવ્યું છે. જેવી રીતે વિરહિણી પતિવ્રતા નિરંતર પતિનું જ ચિંતન કરે તે રીતે જ દેશમાં ગુરુનું ગૃહ હોય તે જ દેશ જેના મનમાં નિરંતર ઘોળાયા કરે છે. તે દિશામાંથી આવેલા પવનને પણ જે સામે જઈ નમસ્કાર કરે છે અને 'મારે ઘેર પધારો' એવી પ્રાર્થના કરે છે.'

જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી ગુરુની આવી જ સેવા કરીશ. હું જ શ્રી ગુરુનું નિવાસગૃહ થઈશ અને એમાં દાસ બની એમની સેવા કરતો રહીશ. જતાં આવતાં ગુરુ જે ઉંબરાને ઓળંગે તે ઉંબરો પણ હું જ થઈશ અને દ્વાર પણ હું થઈશ તથા દ્વારપાળ પણ હું જ બનીશ. હું ગુરુની પાદુકા થઈને તે પાદુકા ગુરુના ચરણમાં પણ હું જ પહેરાવીશ. છત્ર પણ હું જ બનીને તેને ગુરુના મસ્તક પર હું જ ધરીશ.

શ્રી ગુરુનાં નયનો જે જે રૂપોનું પ્રેમથી અવલોકન કરશે તે સર્વ રૂપો પણ હું જ બનીશ. તેમની જિહ્વાને જે જે પદાર્થો ભાવશે તે તે સર્વ હું જ થઈશ. હું જ સુવાસરૂપ બનીને તેમની ઘ્રાણેન્દ્રિયની સેવા કરીશ. એવી રીતે સર્વ પ્રકારે ગુરુની બાહ્ય સેવા કરીને ગુરુને જોઈતી સર્વ વસ્તુઓ હું જ બની, સર્વ તરફથી એમને વ્યાપી લઈશ. જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી ગુરુની આવી જ સેવા કરીશ.



આ શરીરની માટી પૃથ્વીના એ ભાગમાં ભેળવી દઈશ કે જ્યાં શ્રીગુરુનાં ચરણોનો સ્પર્શ થયો છે. જે જળલહરીઓને એમણે સ્પર્શ કર્યો છે એ જળમાં હું મારા જળતત્ત્વને ભેળવી દઈશ. જે દીપકથી લોકો શ્રીગુરુની આરતી ઉતારે છે એ દીપકમાં હું મારું તેજ ભેળવી દઈશ. જે સ્થળે શ્રીગુરુને પંખા-ચામરથી પવન નંખાયો છે તે સ્થળે હું મારા પ્રાણવાયુનો લય કરીશ. જે અવકાશમાં શ્રીગુરુ વસે છે એ અવકાશમાં મારો અવકાશ મેળવી દઈશ. આ પ્રમાણે જીવંત અવસ્થામાં કે મૃત્યુ પછી પણ હું શ્રીગુરુની સેવા કર્યા વિના રહીશ નહિ.

'મા' સર્વેશ્વરીએ પોતાના સદ્‌ગુરુની આવી જ ભક્તિ શ્રી યોગેશ્વરજીના જીવનકાળ દરમિયાન સતત હૃદયે ધારી-અનુભવી-આચરી. આજે એમના નિર્વાણના-મહાપ્રયાણના ૩૯-૩૯ વર્ષ પછી પણ એવી જ સ્થિરદ્યુતિ એ ધારે છે. જાણે સંત જ્ઞાનેશ્વરના શબ્દો 'મા' સર્વેશ્વરીની અજર-અમર ગુરુભક્તિ 'બઢત-બઢત સવાયો' પ્રીતિરૂપે આજે પણ મહેકે છે, સારી સૃષ્ટિમાં પ્રસરે છે. 'મા'ના પ્રત્યેક શ્વાસોચ્છ્‌વાસમાં, પ્રત્યેક હલનચલનમાં, એકેએક ગતિવિધિમાં 'તૂ હી, તૂ હી'નો સ્વર ગુંજે છે. આત્મકલ્યાણની સતત ઝંખના અને માનવકલ્યાણની અભીપ્સા જેમના લોહીનો લય બની ગઈ છે. જે પોતાના અસ્તિત્વનો અંશેઅંશ ગુરુમહિમા કાજે ખર્ચી રહ્યાં છે. ઉગ્ર તપશ્ચર્યા, કઠોર સાધનાના સાતત્ય છતાંયે ચહેરા પર સદા સ્મિત, પ્રસન્નતા ધારતાં 'મા' આજના યુગનો ચમત્કાર છે. આ શ્વેતવસ્ત્રધારિણી, નિરાહારી, 'મા' સહજ અને નિર્વ્યાજ પ્રેમની પ્રતિકૃતિ છે. જડ-ચેતન સર્વ અંશો પર સહજ અનુકંપા વરસાવતાં આ 'મા'નો અહેતુક કૃપાપ્રસાદ એમનું જાણે ઓળખપત્ર છે.

—સંકલન

# ॥ આચારસિદ્ધ અધ્યાત્મનો ઉજાસ ॥

'મા' સર્વેશ્વરી કપૂરા, વ્યારા, સૂરત તેમજ અમદાવાદની ભૌગોલિક સરહદોને પાર કરી આજે 'અનિકેત' બની શક્યાં છે. પોતાની અતિ સફળ ઝળહળતી કારકિર્દીને, માતા-પિતા-ભાઈ-બહેનોના અખૂટ સ્નેહરાશિને, સર્વ સામાજિક સંબંધો પરહરીને કેવળ 'પ્રભુમય' જીવન જીવી રહ્યાં છે અને તે ય કોઈ એકાંત ખૂણે નહિ, પણ ભક્તિમય-સાધનામય જીવન જીવવા ઇચ્છતા જનસમાજની મધ્યે આચારસિદ્ધ અધ્યાત્મનો ઉજાસ પાથરી રહ્યાં છે. કરોડો જપ, ધ્યાન, નિર્જળા ઉપવાસો, રોજના ૨૨૫ દંડવત્ પ્રણામ, યોગાસનોમાં રત રહી; પોતાની સાધનાની જ્યોતને વધુ ને વધુ દેદીપ્યમાન કરી, એમનું અહમ્‌રહિતતાનું આકાશ વિસ્તારી રહ્યાં છે કે, એમાં આંતરઐશ્વર્ય સૂર્યની જેમ એવું સહજ ઝળહળે છે કે આપણને સોક્રેટિસના શબ્દો યાદ આવે : 'મનુષ્યને એની અખૂટ સંભાવનાના પરિપ્રેક્ષ્યમાં જોવો જોઈએ કારણ કે એના જીવનમાં એક આશ્ચર્યજનક વસ્તુ રહેલી છે અને એ છે એનો આત્મા.' આના અનુસંધાનમાં શ્રી રમણના શબ્દો જોઈએ તો, 'જ્યારે મનુષ્ય પોતાના સાચા સ્વરૂપને પિછાને છે ત્યારે 'કોઈક બીજું' તેના અસ્તિત્વના ઊંડાણમાંથી પ્રગટે છે અને તેનો કબજો લઈ લે છે. એ કોઈક તેના મનની પાછળ હોય છે તે અનંત, દિવ્ય અને સનાતન હોય છે. જ્યારે આવું બને છે ત્યારે મનુષ્યે પોતાને ગુમાવ્યો નથી હોતો પણ મેળવ્યો હોય છે.'

તો આધ્યાત્મિકતાએ 'મા'ને શુષ્ક કે સંવેદનહીન નહિ પણ વધારે રસમય, કોમળ, આર્દ્ર અને સંવેદનશીલ બનાવ્યાં છે. એટલે જ અતીતના સઘળા ગૌરવ સાથે એમનો સાંપ્રત ઊભો છે. કારણ કે એમના જીવનનું ચાલક બળ-ધારક બળ જ સહજ પ્રેમતત્ત્વ છે. જે એમનું પ્રાણતત્ત્વ છે. અને એટલે જ કપૂરાની માટીની મહેક એમનામાં સચવાઈ છે, જન્મભૂમિ સાથેનો સ્નેહનાતો અતૂટ રહ્યો છે. વ્યારાનાં શૈશવસહજ તોફાન, જીદ, રીસને સ્વાધીનતા, ધૈર્ય



અને દૃઢ સંકલ્પમાં રૂપાંતરિત કરી દીધાં છે. સૂરતના સાધના વિદ્યાલયની આચાર્ય તરીકેની કામગીરી જેમને કારણે સુખકર બની એ સાથી શિક્ષકો પરત્વેની કૃતજ્ઞતા એમનામાં અકબંધ રહી છે. અને સૂરત કે જે એમના 'અધ્યાત્મનું પ્રવેશદ્વાર' બન્યું જ્યાં મહાત્મા શ્રીયોગેશ્વરના શ્રવણ-દર્શનનો લાભ મળ્યો જેને કારણે અધ્યાત્મનો સીધો સંસ્પર્શ થયો. અને પોતે સંપૂર્ણ સમર્પિત થઈ શક્યાં. અને અમદાવાદની વિવેકાનંદ હૉસ્પિટલ કે, જેમાં ગુરુ સેવાની અમૂલ્ય સેવામાં અસ્તિત્વને સાર્થક કરવાનું મંગલમુહૂર્ત જણાયું અને શાળા, ઘર-સમગ્ર સંસાર જ છૂટી ગયો ! જ્યોતિર્મયી માતાજીની સેવાનો પણ મંગલ અવસર સાંપડ્યો. 'સત્યપથ' (નારણપુરાના) નિવાસ માટે સદ્‌ગુરુએ પસંદ કરતાં જાણે સુરક્ષાકવચ પ્રાપ્ત થયું. આમ, સ્થૂળ સ્થળો-પ્રદેશો છૂટતા ગયા પણ એમની સાથેનો સૂક્ષ્મ ભાવસંબંધને લીધે એ બહિર્ગત મટી, અંતર્ગત અંશ બની એમના અસ્તિત્વમાં ઓગળીને, એકરૂપ થઈ ગયા.

'મા'ના અસ્તિત્વમાં 'જીવ અને શિવનો એવો સહજ સંવાદ' જોવા મળે છે કે, જાણે બંને એક જ સિંહાસને અધિષ્ઠિત છે ! એટલે સ્વાભાવિક રીતે જ 'મા'ના શરીર, મન અને વાણીને સ્તરે એક અનોખું, ક્રાન્તિકારી કહી શકાય એવું પરિવર્તન જોવા મળે છે.

શરીરને પ્રકૃતિનું ઉત્તમ વરદાન માની, ભૂખ, નિદ્રા, તરસની તેમની વૃત્તિઓને તંદુરસ્ત રાખવા, પ્રાકૃતતાથી સુસંસ્કૃત રાખવા એ હંમેશ મથ્યાં છે.

સાત્ત્વિક આહારનાં બીજ તો નાનપણથી જ 'મા'માં પડેલાં હતાં. ૧૯૮૪ થી 'મા' એ અન્નનો સદંતર ત્યાગ કર્યો નહિ, ત્યાગ થઈ ગયો કારણ કે, ખાવાની ઇચ્છા જ ન રહી. એક દિવસ ફળાહાર અને એક દિવસ નિર્જળાનો સિલસિલો સળંગ ચાલ્યો. પણ આરોગ્ય કદી કથળ્યું નહિ. ડૉક્ટરોને આજે પણ આશ્ચર્ય છે કે, ''મા'ના બધા જ રિપોર્ટ્સ નૉર્મલ કેમ આવે છે ?'

નિદ્રાજય પણ એમને સહજ છે. નિદ્રાના કલાકો અતિ અલ્પ

હોવા છતાં થાક કે સુસ્તિ એમનામાં કદી ન વરતાય. સદાય સ્ફૂર્તિવંત-તાજગીભર્યાં ને પ્રવૃત્તિતત્પર લાગે.

૧૯૯૦ થી શરૂ કરેલા ‘મા’ના પ્રણામો રોજના નિયમિત ૩૨૦ સુધી પહોંચી ગયેલા અને ૨૦૧૩ થી તો ‘મા’એ રોજના ૨૨૫ સાષ્ટાંગ નમસ્કાર કરવા શરૂ કર્યાં છે. યાત્રાએ જવાનું હોય તો ‘મા’ આગોતરા પ્રણામ કરી લે, પ્રભુનું દેવું કદી ન રાખે. કોઈ વિશેષ અવસર હોય તો ‘મા’ના પ્રણામોની સંખ્યા વધી જાય. ‘મા’ને મન પ્રણામ માત્ર વ્યાયામ નથી, એમને એ એટલા પ્રિય છે કે, તેઓશ્રી કહે છે તેમ, ‘પ્રણામ ખૂબ ગમે એટલે કર્યા વિના રહેવાય જ નહિ. પોતાના એકના એક સંતાન માટે ડૉક્ટર જે કહે તે કર્યા વિના ‘મા’ રહી જ ન શકે તેમ !’

યોગાસનો, પ્રાણાયામો, શરીરની અન્ય કસરતો ઉપરાંત જપ કરતાં-કરતાં ચાલવાનું આ બધું અતિ નિયમિત કરી, સાધનાના કરણ તરીકે ‘મા’ શરીરનો ઉત્તમ ઉપયોગ કરી આજે ૮૦ વર્ષ વટાવ્યા પછી પણ યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ, કાર્યક્ષમતા સાધે છે. ક્વચિત્ કોઈ અંગ આંગળી ઊંચી કરે તો તેની સાથે મિત્રવત્ વ્યવહાર કરી, પોતાનું ધાર્યું કરાવી લે છે. શ્રી રમણ મહર્ષિ કહે છે ને કે, ‘જો તમે શરીરના માલિક બનો તો તે ધાર્યું કામ આપે.’ આમ ‘મા’ શરીરમાં રહેવા છતાં, શરીરથી પર રહી શકે છે, કોઈપણ પ્રકારની બળજબરી કર્યા વિના સાહજિક રીતે ‘મા’ કહે છે તેમ, ‘શરીર ડાહીમાના દીકરાની જેમ વર્તે છે’ અને ‘સ્વર્ગારોહણ’ના નિર્માણકાર્યમાં ઈંટોનું તગારું માથે ઉપાડવાના, પથ્થરો ઊંચકવાના, ફૂલછોડો-વૃક્ષોને પાણી પાવાના કાર્યમાં શ્રમજીવીઓને સહયોગ ધરી દેતાં ‘મા’નાં દર્શન ઘણા સાધકોએ કર્યા છે. કર્મ દ્વારા પ્રભુની શક્તિનાં વાહક બનતાં ‘મા’એ સાબિત કરી આપ્યું છે કે, ‘જો શરીર પ્રકૃતિનાં બળો પ્રત્યે નહિ પણ જો પ્રભુની શક્તિ પ્રત્યે ખુલ્લું હોય તો ક્યારેય માંદું પડતું નથી.’ ‘મા’ની સૂકલકડી કાયાની સહજ સ્ફૂર્તિ, સદા પ્રસન્ન સ્વસ્થ્યતા એમના કઠિન



સાધનાપથ માટેનાં શ્રેષ્ઠ સાધન બની રહે છે. સચેત, કોમળ સ્થિતિસ્થાપક શરીર એમના શ્વાસોચ્છ્‌વાસના લયને, રુધિરાભિસરણ અને પાચનતંત્રના લયને સરસ જાળવે છે આમ ‘મા’ના શરીરનું તંત્ર એવી સંવાદી રીતે ચાલે છે કે, ‘શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્’ એ શાસ્ત્રવચનનું તે જાણે સહજ સન્માન ન હોય !

## ॥ પ્રફુલ્લિત મન ॥

‘મા’એ બંધન-મોક્ષના કારણરૂપ મનને બહુ સરસ કેળવ્યું છે. તેથી માતાપિતા, શાળા, કૉલેજ, કારકિર્દી, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક વિચારધારાઓના સંસ્કારવારસા સાથે સદ્‌ગ્રંથો અને સંત-સંનિધિથી વૈભવવંતું બન્યું છે. છતાં સમાજના નિશ્ચિત માળખામાં જડ એકમ બની ગોઠવાઈ જવાને બદલે, એ પોતાની પસંદગીનું સ્વાતંત્ર્ય જીવે છે. એ એટલું તો સ્વાધીન છે કે, ભૂતની સ્મૃતિ નહિ, ભવિષ્યની ચિંતા નહિ અને વર્તમાનમાં પણ સનાતનતાની-નિત્ય નૂતનતાની એ સૌરભ માણે છે. ‘મા’ના સ્વસ્થ, સંતુલિત મનમાં કોઈ આગ્રહ, કોઈ ઇચ્છા, કોઈ વળગણ, ગમા-અણગમા, રાગદ્વેષ, પૂર્વગ્રહ કે નિષેધ નથી. પ્રભુપ્રેષિત પ્રત્યેક પરિસ્થિતિનો સહજ સ્વીકાર હોવાથી સુખદુઃખના દ્વન્દ્વ એમને સતાવતા નથી અને એમનું મન સદૈવ શાંત અને પ્રસન્ન રહે છે. શ્રી રમણે દર્શાવેલ સંતનું લક્ષણ : ‘Acceptence, not agony or ectasy should be one’s approch to the invevitable ups and downs of life.’ ‘મા’નું શીલ છે.

આમ, ‘મા એટલે સ્વસ્થ શરીર, પ્રફુલ્લિત મન અને પ્રસન્ન આત્મા, તેમનું જીવન નિત્યનૂતન, તાજગીપૂર્ણ ઉત્તમ ગુણયુક્ત જીવન. જેમાં નિત નવું શીખવાની તત્પરતા. જિંદગીને શિક્ષણનું પર્વ માની, સદા નવા-નવા પ્રયોગોને આવકારી, સનાતનતા-શાશ્વતી સાથેના સંબંધને ઑર જીવંત. ઑર દૃઢ બનાવવાનો કીમિયો.’

—સંકલન

# ॥ મૌનમયી 'મા' ॥

'મા' શ્રીરમણ મહર્ષિની જેમ મૌનની શક્તિના શાંત પ્રવાહને જ ઉપદેશનું સીધું, સચોટ સ્વરૂપ માને છે અને 'In speech there is 'otherness' in silence there is 'oneness' એ મહર્ષિવચનની સત્યતાને અનુભવે છે. તેથી જ તેમણે ૧૯૯૫ થી મૌન ધારણ કર્યું છે. એ પહેલાં ક્વચિત્ મંચ પરથી પ્રવચનો અને તે પણ પૂજ્યશ્રી યોગેશ્વરજીના સૂચનથી આપતાં પણ મોટેભાગે તો સ્વરચિત તેમજ શ્રી યોગેશ્વરરચિત મધુર, ભાવવાહી ભજનોથી એ ભાવિકહૃદયોને ભીંજવી દેતાં. એમનાં ભજનોની ૫૦ કૅસેટો છે.'

'મા' - 'મા' હોવાથી જાણે છે કે, બધાં બાળકો એમનું મૌન સમજવા સમર્થ નથી તેથી લોકકલ્યાણના પવિત્ર હેતુથી જ તેઓશ્રી સ્લેટધારિણી બન્યાં છે. 'મા'ની સ્લેટના શબ્દો ચેતનાસ્ફુલિંગો બની સાધકોનાં જીવનપરિવર્તન સાધે છે. પણ અહમ્‌રહિત 'મા' લખે છે : 'આ સ્લેટ પર એક પણ શબ્દ 'મા' નથી લખતાં. પ્રભુને જે લખાવવું હોય તે લખાવે છે.'

'મા'નું મૌન માત્ર વાણીનું મૌન નથી, મનની ગતિને સંપૂર્ણ શાંત કરી દેતું મૌન છે. એ વિશ્રાંતિમાં બધી જ ઊર્જાઓ અંદર કેન્દ્રિત થાય છે અને બહારના અવાજો બંધ થતાં આંતરિક નાદ એમને સદા સંભળાય છે. 'મા' એમાં રમમાણ રહે છે એટલે 'અસ્તિત્વની સમગ્રતા'માં એ નિવાસ કરે છે. પછી સ્વાભાવિક જ રીતે 'મા' આંખથી જુએ છે ત્યારે સમગ્રતા જ જુએ છે. એટલે દર્શન તેમજ પ્રતિસાદની ગુણવત્તામાં પરિવર્તન થાય છે, જેમાં જ્ઞાતની ગતિ નથી, અજ્ઞાત ત્યાં પ્રવેશે છે. આ સ્થિતિમાં



'આત્મચૈતન્યની અનુભૂતિ' થાય છે, જે માનવ અસ્તિત્વનું સત્ત્વ છે; અને એ કાર્યાન્વિત થતાં પ્રેમ, શાંતિ, સ્વાતંત્ર્ય અને કરુણા સહજ વહે છે.

આવાં મૌનમયી 'મા'ની ઉપસ્થિતિ જ સમગ્ર માનવજાત માટે કલ્યાણકારક નીવડે છે. આવાં જાગ્રત 'મા'માં 'અભૂતપૂર્વ આત્મસંયમ' ઉદ્‌ભવે છે જે વિવેક, શિષ્ટાચાર, ગૌરવ કદી ચૂકતો નથી. અનન્ય આભિજાત્ય અને ગરિમાથી એ સુંદર બને છે. એટલે જ 'મા'માં રહેલું શ્રેષ્ઠ-ઉત્તમોત્તમ આંતરદ્રવ્ય જ બહાર પ્રગટે છે. એ કોઈ પણ કાર્ય કરે એ એમના 'આધ્યાત્મિક સ્પર્શ'થી સમૃદ્ધ હોય છે.

આમ, શરીર અને મનને સ્તરે સંવાદી, સંતુલિત 'મા'ની વાણી સદા સત્યમંડિત હોય છે. કોઈને પણ આઘાત કે ઉદ્વેગ આપ્યા વિના પ્રેમપૂર્ણ મૌન કે શબ્દવ્યવહાર બોલનાર સાંભળનાર બંને માટે હંમેશ કલ્યાણકર્તા રહે છે.

'મા' એમના અભિજાત આચાર દ્વારા સિદ્ધ કરે છે કે, જીવ જ્યાં હોય ત્યાં 'સમગ્રતયા' રહે તો આવરણોમાં હોવા છતાં 'નિરાવરણ ચેતના'નો અનુભવ કરી શકે છે. 'સ્વશિક્ષણની ઊર્જાએ' જેમને છલોછલ ભરી દીધાં છે એવાં 'મા', શ્રદ્ધા અને પુરુષાર્થનો પ્રણય રચતાં 'મા' વિમલા ઠકારની જેમ વિનમ્રતાથી કહેતાં સંભળાય છે : 'મારાથી થઈ શકે એટલું મેં કર્યું છે. બાકીનું જીવન સંભાળશે, કારણ કે એ સ્વયં દિવ્યતા છે.'

—સંકલન

# ॥ સંપૂર્ણ અહંકારનિરસન ॥

પૂ.શ્રી'મા'એ દેહાતીત, મનાતીત, શબ્દાતીત ચેતનાનો અનુભવ કરી, દિવ્યતાનો જીવંત સંપર્ક પોતાના સદ્ગુરુ સાથે સાધ્યો અને એમ કરતાં કરતાં એમનો અહંકાર સંપૂર્ણ નિઃશેષ થઈ ગયો ને સ્વયં ગોવિંદ સન્મુખ ખડો થઈ જતો 'મા'એ અનુભવ્યો. અને 'મા' ગાઈ ઊઠ્યાં : 'મને ગોવિંદરૂપે ગુરુજી મળ્યા.'

'મા'એ પોતાની જાતને પોતાની માલિકીની નથી ગણી, 'એ વિશ્વાત્માનું અવતરણ' છે, એમ સમજી; સુખાર્થી, ધનાર્થી, યશાર્થી કે ભોગાર્થી નહિ, મોક્ષાર્થી થવાનો અભિલાષ રાખ્યો એટલે એમના ચિત્તમાંથી અહંકાર દૂર થઈ ગયો અને અંદરની સ્વાર્થરહિત શક્તિએ એમનો સંપૂર્ણ હવાલો લઈ લીધો એ શક્તિ એ જ ઈશ્વર અને એ જ 'મા' સ્વયં ! આ જ વાતમાં સૂર પૂરાવતાં તા.૧૬/૨/૨૦૧૩ના રોજ 'મા'એ સ્લેટમાં લખ્યું : અસ્તિત્વનું સંપૂર્ણ વિસર્જન. પ્રભુએ જ કબજો લઈ લીધો છે. એ 'મા'ના જીવનમાં દરેક ક્ષણે ઘૂસ મારે છે. હવે 'મા'ને કહેવું નથી પડતું કે, 'ચાલો પ્રભુ'. એનો જ આદેશ, એનો જ હુકમ ! એ જ શેઠ અને એ જ સેવક ! આપણે તો જાણે બાજુએ ઊભા રહીને જોયા કરવાનું ! પ્રભુએ કલમ હાથમાં પકડી તો બે માણસ 'મા'ને પૂછે છે. 'મા' એમના સદ્ગુરુ શ્રી યોગેશ્વરને પ્રભુ જ



માનતા એમણે 'મા' માટે કહેલું; 'મા' ભગવતી, પરમાત્માની પરમ આહ્‌લાદિની શક્તિ પોતાની લીલાને માટે પોતે જ શ્રીવિગ્રહ ધારણ કરે છે ને સ્વેચ્છા પ્રમાણે પ્રગટે છે, પ્રેમ, રસ, પવિત્રતાના સ્વરૂપ સમાન પ્રગટે છે. એને કર્મબંધન નથી નડતાં. એનું જીવનકાર્ય જુદું જ હોય છે. એ જેના પર અનુગ્રહ કરે છે તે ધન્ય બને છે. એ નારીરૂપે નારાયણી હોય છે. ''મા' તમે તીર્થસ્વરૂપ છો. તીર્થો 'તમારા પરમ તીર્થરાજમાંથી જ પ્રગટ્યાં છે.' સૌ કોઈ એમને ઓળખી, સમજી, સન્માની નહિ શકે. જેનો પૂર્વેનો પુણ્યોદય હશે એ જ અલ્પ પણ ઓળખશે, સમજશે, સન્માનશે, એ લાભાન્વિત થશે, ધન્ય બનશે. મારા જીવનમાં મેં જેમના અલૌકિક અનુગ્રહની ઉપલબ્ધિ માટે આકરી આરાધના કરેલી તે 'મા' જગદંબા પોતે જ એમનું સ્વરૂપ ધારીને અણીને વખતે મારી સેવા માટે આવી પહોંચ્યાં. ભવિષ્યમાં 'મા' સર્વેશ્વરી થકી અનેક જીવોનું કલ્યાણ થશે.' જો કે 'મા' કહે છે : ''મા'માં કંઈ નથી. લાગે છે કે, હજી ઘણું બધું કરવાનું બાકી છે. સંતોને-પૂજ્યશ્રીને પચાવવાના બાકી છે. મહર્ષિને વધાવવાના બાકી છે. ઘણું આત્મસાત્ કરવાનું બાકી છે.'

—કેવી અદ્ભુત વિનમ્રતા અને કેવો દિવ્ય અસંતોષ !

**—સંકલન**

## ॥ સહજ આનંદસ્વરૂપા 'મા' ॥

'મા' એકવાર સ્લેટ પર બહુ સ્પષ્ટ-અસંદિગ્ધ રીતે લખે છે : 'છાશમાં માખણ રહે એમ 'મા'માં 'દિવ્ય અવસ્થા' રહે છે. એ સ્તર પર જગત પરત્વે તિરસ્કાર નહિ, સહાનુભૂતિ અને કરુણા સતત વહે છે. 'મા' — 'મા'ને સતત વંદતાં રહે છે માત્ર ને માત્ર નિસ્વાર્થ પ્રેમ. સૌને સહાયક થવાનો પંથ ક્ષમા ને પ્રેમ 'મા'ને નીચે રાખે છે. સમજુ સ્વજનો જ પૃથ્વી પર 'મા'ને રાખવા સહાયક થાય છે. પ્રેમાળ ભક્તો 'મા'ને જીવાડી રહ્યા હોય એમ લાગે છે.

આ 'મા' છે જેમને પૂજ્યશ્રીએ પ્રસાદમાં આપ્યાં છે એવો દિવ્ય તત્ત્વભાવ જો ટકી જાય તો સાધકને સાધનાની જરૂર ન પડે.

શ્રી હરિ ભક્તને સમર્પિત પણ ભક્તે વ્રતી થવું પડે. 'મા'ને પણ ભક્તો વિના નથી ચાલતું.

'મા' — 'મા'ને ધ્યાનથી જુએ છે કે, હવે પૂજ્યશ્રી પાસે વારેવારે દોડીને બધું કહેવાતું હતું તે બંધ થઈ ગયું છે. અભેદ છે. 'મા' અખંડ આનંદમાં ઠેકડા મારતાં જ રહે છે. આનંદની એ અવસ્થા આસપાસ રહેનારા સમજે કે ન સમજે પણ, એ જ મસ્તી સતત ! સવારે ઊઠતાંની સાથે, ને સૂતાં પણ એ જ અવસ્થા ! એ આનંદ-અનુભૂતિ યાદ કરીને કે સ્મૃતિરૂપે નથી મળતી. સહજ આનંદ ચોવીસ કલાક ! ના જપ, ના પાઠ, ના કોઈ સુખ કે સુખદ સ્મૃતિ બસ સહજ જ મસ્ત રહેવાય.

'મા'ની આ સહજાવસ્થા-શાંત પ્રસન્ન ઉપસ્થિતિ આપણને સૂચવે છે કે, 'આત્માનું આવું ઐશ્વર્ય સિદ્ધ કરવા જ માનવદેહ મળ્યો છે, એમાં જ આપણા અસ્તિત્વનો અર્ક છે.' શ્રી રમણનાં વચનોનો નિષ્કર્ષ આમાં સીધો અનુભવાય છે : 'You are the 'SPIRITUAL SELF' Be That.'

આનંદની મસ્તી બે પ્રકારની હોય છે, એક પ્રગટ જેમકે, ફૂલ ખીલે, ગીત ઝરે, સંગીત વહે, નૃત્ય પ્રગટે. બીજી સૂક્ષ્મ—જે કેવળ અનુભૂતિગમ્ય, જેમાં સહજ અંતર્ધારા વહે, એનો રસ ભીતર જ રહે, એમાં સાતત્ય અખંડિતતા તેમજ અવિચ્છિન્નતા હોય. કોઈ ઉત્તેજના આવેશ નહિ, એક સન્નાટો, સ્તબ્ધતા, શૂન્યાવકાશ હોય.



'મા'ની નિજાનંદની મસ્તી આવી સૂક્ષ્મ-ભીતરી છે. એવી અકલ્પ્ય, એવી અન્ અભિવ્યક્ત કે, 'મા' પાસેથી પસાર થઈ જઈએ તોય એનો અણસાર સુદ્ધાં આપણને ન આવે. પણ આ સ્થિતિ એક એવી 'સહજ સ્થિતિ' છે, જે એકવાર આવ્યા પછી કદી જતી નથી એમાં મગ્ન મન કેવળ એટલું જ ગણગણી શકે છે :

'મેરે પિયા મૈં કછુ નહિ જાનું મૈં તો ચૂપચાપ ચાહ રહી.'

આમ, પ્રભુ તેમજ પ્રભુનિર્મિત સૃષ્ટિના સર્વ અંશો સાથે સહજ સ્નેહનાતો જેનો બંધાઈ ગયો છે એ 'મા' સર્વેશ્વરીનો સતત વહેતો સ્નેહ-પ્રેમ એ જ એમનું આંતર ઐશ્વર્ય છે; જેમાં સર્વ કિલમિષોને હટાવવાની અને મંગલમયતા પ્રસારવાની અભૂતપૂર્વ ક્ષમતા છે.

'મા'ની ઓળખાણ એક જ વાક્યમાં કરાવવી હોય તો કહી શકાય : ''મા' એટલે સહજ સ્નેહસ્વરૂપા.' તેઓશ્રીના ચિત્તની સ્થિરતા અનાસક્ત ક્રિયામાં છે. કર્મહીન જડતા નહિ પણ કર્મની ધારામાં સદાય અવિચ્છિન્ન શાંતિ; જેમાં અહમ્-મમનું ખેંચાણ નથી એવી એ સહજધારા છે. જે સંતકવિ કબીરની અધ્યાત્મવિભાવનાનું પ્રગટ નિદર્શન છે :

'જો કછુ કરું સો પૂજા<br>
જહં જહં જાઉં સોઈ પરિક્રમા<br>
જો કછું કરું સો સેવા<br>
જબ સોઉં તબ કરું દંડવત્<br>
પૂજું ઔર ન કોઈ દેવા<br>
કહું સો નામ, સો સુમિરન<br>
સાધુ સહજ સમાધિ ભલી.'

આમ, 'મા'માં આત્માનું ઐશ્વર્ય એવું છલોછલ છે કે, પરમાત્માને એમની દ્વારા જે કરાવવું હોય તે સહજ કરાવી લે છે. જે આત્મા સંપૂર્ણ અહમ્રહિત થઈ જાય. તેની ભીતર પ્રેમની ગંગા ઊતરી આવે છે. તે ભગવત્કૃપાનો સહજ જ અધિકારી બને છે.

—સંકલન

# ॥ સહજ ત્યાગનું જીવંત નિદર્શન 'મા' ॥

'મા' સર્વેશ્વરીનું આખું જીવન-જન્મથી માંડીને આજ દિન પર્યન્ત ઉપનિષદના 'તેન ત્યક્તેન ભુંજીથા:'નું (ત્યાગીને ભોગવો) જાણે જીવંત નિદર્શન છે.

તા.૧૩ મી નવેમ્બરે કપૂરામાં 'મા'નો જન્મ થયો તો ૧૩ દિવસમાં તો જીવન ત્યાગવાની તૈયારી કરી લીધી. સગાં-સ્નેહીઓએ વિષાદનાં અશ્રુ સાથે એ ત્યાગ સ્વીકારી પણ લીધો. પણ 'મા'ના પિતાજી તાબડતોબ ડૉક્ટરને બોલાવી લાવ્યા ને 'મા'ને જાણે પુનર્જીવન પ્રાપ્ત થયું અને તેય કેવું ? આજે ૮૦ વર્ષની વયે પણ તાજગીપૂર્ણ, સ્ફૂર્તિવંત, જાણે ચિરયુવા રહેવાનું વરદાન તો મળ્યું પણ સાથે-સાથે જનમ સાર્થક થઈ જાય એટલું આધ્યાત્મિક ઐશ્વર્ય સિદ્ધ થયું.

'મા' સર્વેશ્વરીની શિશુ અવસ્થામાં પણ તેમની ત્યાગવૃત્તિ સહજ પ્રગટતી રહે છે. કપૂરાની શાળામાં રિસેસમાં ઘરેથી 'કંઈક વિશેષ' —કાજુ, બદામ, પાઈનેપલના ટુકડા મેળવતી સરોજ શાળાને દરવાજે રાહ જોતી (!) ઊભેલી બહેનપણીઓમાં તે વહેંચી દેતી. વ્યારામાં એક પાડોશી બેન વારંવાર દૂધ માગવા આવી પહોંચતા, તેથી 'મા'ની બહેનો કંટાળીને 'દૂધ નથી' એમ કહેતી તો સરોજ કહી દેતી, 'કાકી, દૂધ તો છે. ચાલો આપું.' શાળાના આચાર્યપદેથી રાજીનામું આપ્યા પછી સન્માનના પ્રતીક તરીકે સ્ટાફે એક કવર આપ્યું તો તે દાદર ઊતરતાં, પટાવાળાભાઈને આપી દીધેલું.

કપૂરામાં ત્રણ જ ધોરણની શાળા હોવાથી, આગળ ભણવા વ્યારા જવાનું થયું તો ઘર-ગામ સહજ છૂટી ગયાં, જો કે, બે બહેનો ત્યાં ભણતી જ હતી. પણ વ્યારાનાં ચાર વર્ષ પછી નડિયાદ જવાનું થયું તો ત્યાંની પ્રતિકૂળતામાંય 'મા'એ મન મનાવી લીધું. ત્યાંથી પાછા એક વર્ષ સૂરત અને ફરી પાછાં વ્યારાની શાળામાં પિતાજીએ મૂક્યાં તો ત્યાં મૅટ્રિક સુધીનો



અભ્યાસ કરી લીધો. બી.એ. તેમજ બી.એડ. સૂરત કર્યા. અને પછી સૂરતમાં જ સાધના વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે જોડાઈ ગયાં. પોતાની અનન્ય દક્ષતા-નિષ્ઠાથી બે પાળીમાં આચાર્ય તરીકેની નિમણૂક થઈ તો તે જવાબદારી પણ સહજ સ્વીકારી લીધી. આમ, પ્રદેશ, પરિવેશ, સ્વજનોનો ત્યાગ હપ્તે-હપ્તે થતો જ રહ્યો. પણ અધોરેખિત (underline) કરવા જેવી વાત એ છે કે, 'મા'નો આ સ્થૂળ ત્યાગ એમના ભીતરને સ્વજનોના પ્રેમસ્મરણનો પ્રસાદ (ભોગ) સતત ધરી ભીંજવતો રહે છે.

ત્યારબાદ ૧૯૭૦માં મહાત્મા શ્રીયોગેશ્વરનાં સૂરતના સનાતન હૉલમાં યોજાયેલા પ્રવચન સાંભળવાને 'મા'ને સુયોગ પ્રાપ્ત થયો અને એક-બે વાર નહિ, વીસ-વીસ વારનાં એ દર્શન-શ્રવણ યજ્ઞોમાં અહંકાર વિસર્જન એવું થતું રહ્યું કે, લગભગ નિદ્રાત્યાગ, અત્યંત મિત આહાર, ઉપવાસો, પ્રાર્થનાઓમાં શરીર ભાવ-મનથી પરે રહેવાના પ્રયત્નો થવા લાગ્યા. લૌકિક જગતમાં રહે, સંનિષ્ઠ શિક્ષણકાર્ય, વહીવટી કાર્ય કરે પણ એમનો સૂક્ષ્મ અનુબંધ સતત શ્રી ગુરુદેવ પ્રભુ સાથે ! વૅકેશનમાંય દેખીતા આરામનો ત્યાગ અને મૌનમંદિરની એકાંત મૌન સાધનામાં મનની અનન્ય વિશ્રાન્તિનો પરમ આનંદ અનુભવે. અથવા શ્રી સદ્‌ગુરુ આયોજિત શિબિરોમાં જાય. કપૂરા જઈ માતાપિતા કે ભાઈબહેનો સાથે નિરાંતે સગવડ સુવિધા ભર્યા સ્નેહભરપૂર વાતાવરણના ત્યાગનાં પ્રકરણો જાણે ક્રમશઃ ખૂલવા માંડ્યાં.

૧૯૭૯માં મોરબી જવા નીકળેલાં 'મા' પૂજ્યશ્રી યોગેશ્વરજીને હાર્ટઍટેક આવતાં, અમદાવાદની વિવેકાનંદ હૉસ્પિટલમાં એમની સેવા માટે રોકાઈ જાય છે અને વિના વિલંબે શાળાના આચાર્યપદેને તિલાંજલિ આપી ટપાલમાં જ રાજીનામું મોકલી આપે છે. પિતાશ્રીને પણ પોતાના નિર્ણયની જાણ કરતો પત્ર પાઠવી દે છે. સંસ્થાત્યાગ, ગૃહત્યાગ અને સંસારત્યાગ શ્રી સદ્‌ગુરુસેવા અર્થે તત્ક્ષણ કરી દેતાં 'મા' ગૌતમ બુદ્ધના મહાભિનિષ્ક્રમણના ઈતિહાસનું જાણે પુનરાવર્તન કરી રહે છે.

પૂજ્યશ્રી યોગેશ્વરજી 'મા'ના આગમનને પોતાના જીવનમાં વધાવતાં કહે છે : 'મા જગદંબા પોતે જ એમનું સ્વરૂપ ધારીને અણીને વખતે મારી સેવા માટે આવી પહોંચ્યાં. એ બાહ્ય રીતે નિર્બંધ બન્યાં. સ્કૂલના સીમિત ક્ષેત્રને છોડીને સંસારના વિશાળ સેવાક્ષેત્રમાં પ્રવેશ્યાં.' જ્યારે નમ્રાતિનમ્ર 'મા'એ પોતાના પદમાં લખ્યું :

'લીલા સરજી મને પાસે બોલાવી,
જીવનમરણ બાજી ખેલી,
કૃપાની ધાર રેલી
પીયૂષની પ્યાલી રે પ્રભુજીએ પાઈ.'

૧૯૮૦ થી ૧૯૮૪ સુધી દેશવિદેશની અનેક યાત્રાઓ, પ્રવચનો, શિબિરો, લોકકલ્યાણ-પ્રવૃત્તિઓમાં 'મા' પૂજ્યશ્રી સાથે જ રહ્યાં.

૧૯૮૪માં પોતાના પરમ આરાધ્યનો દેહ શાંત થઈ જતાં, 'મા' થી અન્નત્યાગ થઈ ગયો અને પૂજ્યશ્રીને પ્રિય તમામ ફળો પણ તેમણે ત્યાગી દીધાં. કોટિ કોટિ જાપ, વિવિધ યોગાસનો, સદ્ગ્રંથોનાં પારાયણો, ધ્યાન, આંતરે દિવસે નિર્જળા ઉપવાસ અને રોજ કેવળ ફળ-દૂધ-છાશ અતિ અલ્પ માત્રામાં લેનાર 'મા'એ ૧૯૯૫ થી મૌન લઈ લીધું. પણ દેહ-મનથી પર 'મા'નો આત્મા સતત પરમ આત્માની સંનિધિમાં હોઈ તેઓશ્રી સદા પ્રસન્ન, કોમળ રહેવા પામ્યાં છે. 'મા'ના અનોખા આત્મબળે એમને અનેકવાર પ્રકાશદર્શન, સંતોનાં સૂક્ષ્મ સ્વરૂપો સાથે સૂક્ષ્મ સંનિધિ, વાર્તાલાપ આકાશવાણી, અંતર-આત્માના અવાજનું શ્રવણ, સોનેરી અક્ષરદર્શન, પ્રભુના આદેશો, સૂચનો, સંકેતો તેમજ પૂજ્યશ્રી સતત સાથે જ છે, એવી અનેકાનેક દિવ્ય આધ્યાત્મિક અનુભૂતિઓ એમને લાધી છે. 'મા'ના અંતર્યામીપણાના, સર્વશક્તિમાન હોવાના અનુભવો 'મા'ના સાન્નિધ્યમાં અનેક સાધકોને થયા છે—આજે પણ થાય છે.

—સંકલન



# ॥ પૂ.શ્રી'મા'ની તીર્થયાત્રાઓ ॥

પૂ.શ્રી'મા' માટે શ્રી યોગેશ્વરજી જ્યાં જ્યાં વિહર્યા એ દરેક સ્થળ તીર્થ સમું પવિત્ર છે. એટલે 'મા'એ તમામ તીર્થધામોની યાત્રા કરી, પ્રત્યેક સ્થળે જઈ પૂજ્યશ્રીની પદરજ માથે ધરી છે. દેવપ્રયાગની દશરથાચલ તપોભૂમિમાં ઈ.સ.૧૯૯૨ના મે મહિનાના બળબળતા તાપમાં 'મા'એ ખુલ્લા પગે વિચરણ કર્યું હતું. 'મા'નાં કોમળ ચરણો રક્તરંજિત જોઈ એમની સાથેના ભક્તોની આંખોમાંથી અશ્રુધારાઓ વહેતી હતી. જ્યારે 'મા' તો સદાની જેમ હસતાં-યાત્રાનો અનેરો આનંદ લેતાં કહેતાં હતાં કે, 'અત્યારે તો ત્રણ ત્રણ ઋતુઓ એકસાથે ચાલે છે. ચરણમાં ગ્રીષ્મ, હૃદયમાં વસંત અને પ્રસન્ન ભાવમાં વર્ષા કેવું ધન્ય ભાગ્ય !'

જે સ્વયં તીર્થ છે એમને તીર્થાટનની શી જરૂર ? પણ 'મા' એક એવાં સંત છે કે, જે આત્મકલ્યાણની સાથે સાથે જગત્કલ્યાણની ધૂણી ધખાવી બેઠાં છે એટલે પહેલાં પૂજ્યશ્રી સાથે દક્ષિણ આફ્રિકા, ઝામ્બિયા, અમેરિકા, ઈંગ્લેન્ડ અને કૅનેડાની યાત્રા કરી અને અત્યારે પણ વિદેશોમાં કે દેશમાં ભક્તોના કલ્યાણાર્થે 'મા' યાત્રાઓ યોજે છે.

પૂ.યોગેશ્વરજી નિર્મિત 'સર્વમંગલ' ટ્રસ્ટમાં ૧૯૮૦માં જોડાયેલાં 'મા' પછી નિવૃત્ત થઈ ગયાં છે છતાં ટ્રસ્ટનાં સર્વ સત્કાર્યોમાં 'મા' આજે પણ એટલાં જ ઉત્સાહી, પ્રવૃત્તિશીલ રહી આદર્શ પ્રેરણામૂર્તિ બની રહ્યાં છે. લોકકલ્યાણની એક પણ તક ન ચૂકી જવાય એવી તકેદારીની પરાકાષ્ઠા તો ભુજમાં

આવેલા ધરતીકંપમાં જે ત્વરિત, આર્થિક સહાય કરી, બાળકો માટે તાત્કાલિક ૧૫૪ ટૅન્ટો તૈયાર કરાવી પછી ૨૮ સ્કૂલો શરૂ કરાવી અને એકેએક ગામ જાતે જઈ જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ સ્વહસ્તે કરી, સાત પાકી શાળામાં બંધાવી-કલ્યાણમયી 'મા' બાળકોનું કાયમી કલ્યાણ કરીને જ જંપ્યાં એમાં અનુભવાઈ.

આમ, 'મા' ત્યાગ-સમર્પણ-સેવાભાવની જાણે જીવંત તસવીર બની ગયાં છે. શ્રી ગુરુનાં આદર્યા-અધૂરાં કર્તવ્યો પૂર્ણ કરવા જ જાણે જન્મ ધર્યો હોય એવો એમનો જીવન-નિષ્કર્ષ છે. અને એટલે જ બનાસકાંઠાના અંબાજી તીર્થક્ષેત્રમાં શ્રી યોગેશ્વરજીની ઇચ્છા લોકહિતાર્થે એક સુંદર ધર્મશાળા બનાવવાની હતી તો પૂજ્યશ્રીનાં શ્રીચરણોનો પાંચેક મિનિટ માટે સંસ્પર્શ પામેલી એમની પસંદગીની ભૂમિ પર 'મા'એ ૧૯૮૬માં 'સ્વર્ગારોહણ તીર્થ' 'જ્યોતિર્મયી વિશ્રામગૃહ'નું એવું અદ્‌ભુત નિર્માણ કર્યું કે એ 'મા'ની સૂક્ષ્મ કળાદૃષ્ટિ અને ઊંડી સંવેદનશીલતાની પિછાન કરાવતું પુણ્યધામ બની ગયું છે. આજે પણ નિત નવા સંસ્કરણથી આ પવિત્ર ધામની આભા ઑર ને ઑર નિખરી રહી છે. 'સ્વર્ગારોહણ' પૂ.શ્રી'મા'નું આંતરદર્પણ બની રહ્યું છે.

—સંકલન



## ॥ પરમ પ્રેમમયી 'મા' ॥

પૂ.શ્રી'મા'એ કબીરનો મંત્ર 'ઢાઈ અચ્છર પ્રેમકા પઢે સો પંડિત હોય' એ આત્મસાત્ કરી, પંડિત બનવાની આકાંક્ષાથી નહિ જ, પણ પ્રેમનો અઢી અક્ષર-પઢી-પઢી જગતને એ પઢાવવા પ્રેમપૂર્વક એકધારાં મથી રહ્યાં છે.

'મા'ના જીવનમાં જે જે પરિસ્થિતિઓ આવતી ગઈ અને એ નિમિત્તે જે જે વ્યક્તિઓ આવતી ગઈ તે સર્વના અંતરાત્મા સાથે એમનો સ્નેહનાતો સહજ રચાતો ગયો. પ્રેમ સૌને માટે, આસક્તિ કોઈ માટે નહિ. બધાંની વિશેતાઓને ઈશ્વરીય દેન માનીને પોતાના હૃદયમાં ઉતારતાં ગયાં અને એ રીતે એ પોતાની આંતરિક સમૃદ્ધિમાં સતત ઉમેરો કરતાં ગયાં. માનવી હોય, પશુ-પંખી હોય કે, વનસ્પતિસૃષ્ટિ હોય; સર્વનું ઈશ્વરીતત્ત્વ એ આત્મસાત્ કરતાં ગયાં. આજે સાહિત્ય, સંગીત, શિક્ષણ, વિજ્ઞાન, ટૅકનોલોજી, અધ્યાત્મ, આરોગ્યશાસ્ત્ર, ધર્મશાસ્ત્રો, કૃષિજગત, શ્રમજગત સર્વનું સઘળું ઐશ્વર્ય એ સન્માને છે, એટલું જ નહિ, સર્વ દિશાઓમાંથી વહી આવતા ચૈતન્યધોધોને પોતાની અન્તર્ધારાનો એક અંશ બનાવી દે છે.

તમામ માનવસંબંધોનું ગૌરવ કરી, એમની સંવેદનશીલતાનું માહાત્મ્ય કરી; પોતાની સંવેદના સાથે એને રસી લે છે. જડ-ચેતન સર્વ અંશો સાથે એમનો નાતો સજીવ-ચૈતન્યવંતો છે. તો સર્વ સંતો, સર્વ સદ્‌ગ્રંથો, સર્વ ધર્મ-સંપ્રદાયનાં શુભ તત્ત્વોને એ સન્માને છે પોતાના અંતરે પ્રતિષ્ઠ કરે છે.

જેમ જેમ વર્ષો વીતતાં જાય છે તેમ તેમ 'મા'ની ચેતનાનાં વર્તુળો વિસ્તારતાં જાય છે, પરિઘ વિશાળ ને વિશાળ થતો જાય છે પણ કેન્દ્રસ્થાને તો વિરાજે છે પોતાના શ્રી ગુરુદેવપ્રભુ ! આજે તો એ પ્રભુ 'તદ્‌દૂરે તદ્‌ન્તિકે'ની જેમ 'શ્યામલ પરમ

સખા' તરીકે 'મા'ની ક્ષણે-ક્ષણનો સાથી બનીને, સાથે ને સાથે વિહરી રહેલો 'મા' અનુભવે છે.

'મા'ના અસ્તિત્વમાં આ જ વાત આપણને બહુ સ્પર્શી જાય છે કે, દ્વૈત, દ્વન્દ્વ અહીં કોઈ તબક્કે છે જ નહિ. જે કંઈ 'મા'ના જીવનપથમાં આવી મળ્યું એ સર્વ એમનું આત્મીય બની, હૃદય-પ્રાણનો અંશ બનીને, એકરસ થઈ ગયું. પ્રથમ પહેલાં તો 'મા' ઓગળે છે અને પછી એમની સંનિકટ જનાર સર્વ કોઈ, સર્વ કાંઈ ઓગળી એમની સાથે સમરસ બની જાય છે. મધુર અદ્વૈત રચાતાં જ દિવ્યતા-અલૌકિકતા પ્રગટે છે. અને આમ 'મા' સર્વેશ્વરીનું 'ૐ'માં રૂપાંતર સહજ રીતે જ સિદ્ધ થાય છે.

'મા'ની આ ઓગળવાની-ઓગાળવાની વાત પર જ એમની અધ્યાત્મકથા આરંભાય છે અને આ બિંદુએ જ એ પૂર્ણ થાય છે. બસ, એનાથી અતિરિક્ત એમને કંઈ સિદ્ધ કરવું નથી. 'મા'ના પિતાજીના પ્રિય પદના શબ્દોનો ચૈતન્યપ્રસાર 'મા'ના પરમ સ્નેહમાં અનુભવાય છે :

'પરથમ પહેલું મસ્તક મૂકી પછે લેવું નામ જોને.'

આમ એક દેહધારી આત્મા પૃથ્વી પર આપણી વચ્ચે વિહરતો, કાર્યરત દેખાતો છતાં સદૈવ સાધનારત રહેતો. પરમ આત્મા એનાં શરીર-મન-વાણીનાં તમામ આવરણો હટાવતો-હટાવતો એવો નિરાવરણ, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપે સોહી રહે છે કે, એમાં એનું આંતરઐશ્વર્ય એવું છલકાઈ રહે છે આપણને સહેજે પ્રતીતિ થાય કે, 'લૌકિક દૃષ્ટિએ ભલે 'મા' શરીરરૂપે દેખાય પણ આધ્યાત્મિક દૃષ્ટિએ તો એ 'સર્વોપરી ચેતના' જ છે.' તો 'મા' સર્વેશ્વરીની પૂર્ણ પ્રકર્ષ પામેલી સર્વોપરી ચેતના એ જ એમનું આંતરઐશ્વર્ય એ જ એમનું સાચું-દિવ્ય-અલૌકિક સ્વ-રૂપ જાણે પૂર્ણ પ્રસ્ફુટિત પદ્મ ।

**—સંકલન**



# ॥ ચેતનાના ઊર્ધ્વતમ સ્તરે ઉડાન ॥

દાદા ધર્માધિકારીએ વિમલા ઠકાર માટે ઉચ્ચારેલા શબ્દો 'મા' સર્વેશ્વરીના સંદર્ભમાં પણ એટલા જ સાચા લાગે છે ? 'ચેતનાને જે સ્તરે એ છે, જીવે છે તેની કલ્પના પણ સામાન્ય જનને આવવી દુષ્કર છે.' કારણ કે, શાસ્ત્રો રટવામાં, ઉપદેશોથી મંચ ગજવવામાં, પ્રચાર માધ્યમોમાં છવાઈ જવામાં, ધન-કીર્તિની એષણાઓમાં અટવાઈ જવામાં, પોતાનું નામ ઉપસાવવાની જેને લેશમાત્ર સ્પૃહા નથી; જે કેવળ પ્રેમ, ફક્ત પ્રેમ, માત્ર પ્રેમમાં વહી જવાની એકમાત્ર અભીપ્સા સેવે છે. 'Nothing more, nothing less !' અને તેય મૌનમય સ્વરૂપે, શાંત રીતે પ્રસન્ન રહી, સૌને પ્રસન્ન કરવા ચાહે છે; એના આંતરઐશ્વર્યને સ્ફુટ કરી શકે એવા શબ્દો કોઈ શબ્દકોશમાં શોધ્યા મળ્યે એમ નથી.

આમ, 'મા' સર્વેશ્વરીમાં આંતરઐશ્વર્ય સહજ પ્રગટ્યું અને એ અદ્‌ભુત-અનન્ય બની રહ્યું કારણ કે, 'મા'એ સમજણ આવતાં જ, પોતાને દેહધારી વ્યક્તિ ગણવાને બદલે 'ચૈતન્યસ્વરૂપ' તરીકે સ્વીકારીને સાક્ષીભાવે જીવવાનું આરંભ્યું. અને જીવનભર એમનો એક જ રસ રહ્યો છે; એને જ સમૃદ્ધ કરવાનો. એને માટે એમને રાહ જડી ગયો, રાજમાર્ગ મળી ગયો-પ્રભુપ્રીતિનો, નિષ્કામ ભક્તિનો. એ માર્ગે એ સતત સંચરતાં રહ્યાં. સદ્‌ગુરુકૃપાને કારણે તો એ સદ્‌ગુરુનાં શ્રીચરણોમાં સઘળું ન્યોચ્છાવર કરી દેવાની એમની અભીપ્સા એવી તીવ્ર થતી ગઈ કે છેવટે એ નિઃશેષ થઈને જ જંપ્યાં. હજી

પણ એ ઓગળી રહ્યાં છે, પીગળી જ રહ્યાં છે. અને આ ઓગળવાનું પણ કેવું ? એક ગ્રીક કથામાં ઈકારસ પાત્રની વાત છે. જેની મીણની પાંખો સૂર્યકિરણો અડતાં જ ઓગળી ગઈ. ‘મા’ની શ્રીગુરુમાં પ્રભુદર્શનની ક્ષણ પણ એમની ઓગળવાની ક્ષણ બની ગઈ અને ‘મા’એ જાણે પ્રાર્થ્યું : ‘મારામાં જે કંઈ અસ્થાયી, ચંચળ, ક્ષણજીવી, સ્થૂળ છે એ બધું જ ઓગળી જાઓ, પીગળી જાઓ, અને મને આપના પ્રકાશનો અંશ બનાવી દો.’ એટલે જ વર્ષોથી ‘મા’ની એકધારી પ્રાર્થનાછે. ‘દર્શન દઈ,સમાવી દો.’ પણ આ પ્રાર્થના આઠ અક્ષરોનો સરવાળો નથી, એમાં ‘મા’ની આયુષ્યભરની ક્ષણ ક્ષણની સળંગ સાધનાનો પુરુષાર્થ-પરિમલ મહેકે છે.

શ્રી ચક્રવર્તી નરસિંહાએ ‘ONLY LOVE’ પુસ્તકના રચયિતા દયામાતા વિશે કહેલા શબ્દો ‘મા’ સર્વેશ્વરીના સંદર્ભમાં પણ એટલા જ યથાર્થ લાગે છે : ‘‘મા’ને જાણવા-ઓળખવા-સમજવા એટલે જે પ્રેમમાં છે એમની સાથે પરિચય કેળવવો. આ એક એવો પ્રેમ છે જે સર્વાશ્લેષી છે, આત્માની આરતની ઉદાત્ત અભિવ્યક્તિ છે અને પરમાત્મામાં આનંદપૂર્ણ ધન્યતા અનુભવનારો છે. જ્યારે કોઈ આત્મા દિવ્ય પ્રેમની અનુભૂતિ કરે ત્યારે એની આધ્યાત્મિક ચેતના કેવી-કેટલી વિસ્તરે છે એ ચૈતન્યપ્રસારની અહીં વાત છે.’

ટૂંકમાં, ‘મા’ સર્વેશ્વરીનું ‘આંતર ઐશ્વર્ય’ એટલે ‘સૂક્ષ્મ ચૈતન્યપ્રસાર.’

**—સંકલન**



## ॥ ‘મા’ નિર્જળેશ્વરી કરું પ્રણામ ॥

પરમ પૂજ્ય ‘મા’ પ્રભુના પૃથ્વી પટે અવતરણનું એક ખાસ પ્રયોજન એટલે માનવના તન અને મનની શક્યતાઓ સાકાર કરી, આજના માણસને એણે માની લીધેલી નિર્બળતાઓમાંથી મુક્ત કરવાનું રહ્યું છે.

અધ્યાત્મ માનવજન્મને એક પ્રયોગશાળાનો માનસભર દરજ્જો ધરે છે. એમાં ધારો તે પ્રયોગ કરીને ચોક્કસ પરિણામ મેળવી શકો. પણ રોજ-રોજ જીવનવિકાસના નવા-નવા પ્રયોગો કરી, જીવતાં જ દાનવમાંથી માનવ અને માનવમાંથી મહામાનવ અથવા દેવ બનવાની સાધના કરવાની છે.

પૂજ્ય‘મા’ પ્રભુના જીવનમાંથી એ સાધના માટેનાં અનેક વૈવિધ્યપૂર્ણ ‘સાધન’ મળી રહે છે. સાદગી, સમભાવ, સતત સ્મરણ, સત્કર્મ, વ્રત-ઉપવાસ, પ્રણામ, નામ-જપ, વ્યાયામ, હકારાત્મકતા, ઈશ્વર પર આધાર, લક્ષ્ય માટેની લગન, કાર્યશીલતા, અ..ધ..ધ..ધ..થઈ જાય એવા અગણિત સાધનોની સાથે સાથે એક અતિ મહત્ત્વનું સાધન છે પૂજ્ય ‘મા’ની ‘નિર્જળા સાધના’. આ સાધન તો એમના જીવનમાં તાણા-વાણાની જેમ એવું વણાઈ ગયું છે કે એમના અસ્તિત્વનું જ જાણે ‘નિર્જળા વ્રત’ એક અંગ બની ગયું છે.

આપણા મા-પ્રભુ પરિવારમાં કોઈએ નિર્જળાનો પ્રયોગ કર્યો હોય કે ના કર્યો હોય, પણ પૂજ્ય ‘મા’ના જીવનના એક ખાસ મહત્ત્વપૂર્ણ પાસા તરીકે નિર્જળાના નામ અને અર્થથી સૌ કોઈ ભલી ભાંતિ વાકેફ છે. આપણે સૌ જાણીએ છીએ કે પૂજ્ય

'મા'એ નિયમિત નિર્જળા વ્રતની નોંધ ૧૮ માર્ચ ૧૯૮૪ થી પ્રારંભ કરી. આજે ચાર દશકથી પૂજ્ય 'મા' દર વર્ષે ૧૦૮-૧૨૫ કે એનાથી પણ વધુ નિર્જળા વ્રત કરે છે. ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ પૂ.શ્રી'મા'ના કુલ ૪૬૦૦ નિર્જળા વ્રત નોંધાઈ ગયા હતા.

૪૬૦૦ નિર્જળા એટલે ૧૨ વર્ષ અને તે ઉપરાંત ૨૨૦ દિવસ.

છેલ્લા ચાર દશકમાં લગભગ ૧૩ વર્ષ પૂજ્ય 'મા'ના શ્રીતનુએ ઉપવાસમાં વિતાવ્યા છે.

પૂજ્ય 'મા' જનસમાજની વચ્ચે રહીને એમની સાધના કર્યે જ જાય, સાધનાના ઉચ્ચતમ શિખરો સર કરતા જ રહે, પણ આપણે સૌ એમની આસપાસ રહીને માત્ર તેમને બે હાથ જોડી પ્રણામ કરતાં રહ્યાં. પૂજ્ય 'મા' માનવ અવતરણની પ્રયોગશાળામાં, આપણી ઉઘાડી આંખ સમક્ષ, માનવ શક્યતાની સર્વ સાંકળોનો સંહાર કરતાં રહ્યાં, ને આપણે એના અનુકરણમાં પગલાં ભરવાને બદલે માત્ર એમના શ્રીચરણે નતમસ્તક બની એમની અદ્‌ભુત દિવ્યતાને પ્રણમતા રહ્યા.

આપણામાંથી મોટાભાગની વ્યક્તિઓને આપણા જીવનમાં નિર્જળાનો સ્વીકાર કરવાનો વિચાર, ઉપવાસનો આધાર લેવાનો વિચાર ભાગ્યે જ આવ્યો. એટલે પૂજ્ય 'મા'એ આ સંદેશ આપણા સુધી પહોંચાડવાનું માધ્યમ બદલ્યું.

પૂજ્ય 'મા'એ વારે વારે અમને રીસર્સ-સંશોધન કરવાનું કહ્યું કે : ''વિજ્ઞાન ઉપવાસ વિશે શું કહે છે ? નિર્જળા વિશે શું



કહે છે ? ઉપવાસ, નિર્જળાથી માનવ શરીર પર કઈ અને કેવી અસર થાય છે ?''

આપણા મન વિજ્ઞાન કે વૈજ્ઞાનિક ભાષા અથવા વૈજ્ઞાનિક જર્નલમાં લખાયેલી વાત ખૂબ સરળતાથી અને વેગે સ્વીકારી લે છે. ને એટલે જ ૨૦૧૬, ૨૦૧૮, ૨૦૨૨માં પૂજ્ય 'મા' એ ફરી ફરી આ સંશોધન કરાવ્યું. ૨૦૧૬માં ઈન્ટરમીટન્ટ ફાસ્ટીંગ (intermittent fasting) વિશેની રીસર્સ મળી. ૨૦૧૮માં પાણી ઉપર ઉપવાસ વિશે વિજ્ઞાન મળ્યું. અને છેક ૨૦૨૨માં નિર્જળા વિશે વૈજ્ઞાનિક ડેટા સાંપડ્યો.

પૂજ્ય'મા'ના નિર્જળાને લગભગ ૪૦ વર્ષ થયા ત્યારે આધુનિક વિજ્ઞાને એ દિશામાં મીટ માંડી. કારણ પશ્ચિમના કોઈ દેશોમાં આ વિષય ઉપર વૈજ્ઞાનિક સંશોધન જવલ્લેજ થયા છે. વાસ્તવમાં આપણા દેશમાં ઉપવાસ, નિર્જળાવ્રત ઉપર તો Ph.D થાય એટલું ભાથું છે. ઈતિહાસ સાક્ષી છે, ભારતમાં કંઈ કેટલા મહાપુરુષોએ એના સફળ પ્રયોગો કર્યા છે. ઉપવાસનું મહત્ત્વ તો વાર અને તિથિઓ સાથે જોડવામાં આવે છે, એ બધા જ જાણે છે. પણ આપણું મન કેવું છે ? સંસ્કૃતમાં નહિ, અંગ્રેજીમાં જે લખાય છે એ આપણે પહેલાં સાચુ માનીએ છીએ.

અંગ્રેજી પર મદાર રાખવાને લીધે આપણને નિયમિત નિર્જળા કરવાના વૈજ્ઞાનિક ફાયદાઓ વાંચવા માટે ૨૦૨૨ સુધી રાહ જોવી પડી. રશિયામાં થયેલી વૈજ્ઞાનિક સંશોધનોના અંગ્રેજી ભાષાંતર ૨૦૨૧-૨૦૨૨માં થવા લાગ્યા અને નિર્જળાથી થતા શરીરને ફાયદાઓ પરનો ડેટાબેઝ મળી ગયો. રશિયામાં ૧૯૮૦ના દર્શકથી નિર્જળા ઉપવાસ પર ઘણા પ્રયોગો થયેલા.

અનેક રોગોનો પ્રતિકાર કરવા એ સાધન અપનાવાયેલું. ખાસ કરીને ‘યુરી નિકોલેવ’ અને ‘સરગે ફિલોનોવ’ની નિગરાની હેઠળ ઘણા ડૉક્ટરો નિર્જળાના ‘પ્રિસ્ક્રીપ્શન’ આપતા થયેલા. પણ એ સર્વ વિજ્ઞાન માત્ર રશિયન ભાષામાં ઉપલબ્ધ હતું. જ્યારે એના અંગ્રેજી અનુવાદો થવા લાગ્યા, ત્યારે આખા સંસારને એક નવી દિશા, એક નવી રોશની સાંપડી.

એ રોશની તો દીવાદાંડી બનીને આપણી સમક્ષ ૪૦ વર્ષથી ઊભી હતી, પણ એ રોશનીને ઉકેલવાના ચશ્માં જાણે વિજ્ઞાને આપ્યા.

શું કહે છે આ નિર્જળાનું વૈજ્ઞાનિક સંશોધન ?

—નિયમિત નિર્જળા શરીર માટે ખૂબ ઉપયોગી છે.

—નિર્જળા દરમિયાન શરીર ચરબી બાળીને પોતાનું કાર્ય કરતું રહે એટલે શરીર સ્વસ્થ, સુડોળ રહે.

—શરીરની ઘણી બધી શક્તિ પાચનક્રિયામાં વપરાય છે. પાચનપ્રક્રિયામાં ૬ થી ૮ કલાક પાચનના અવયવોને લાગે છે, આપણે સતત ખાતા રહીયે તો શરીરનો બધો જ સમય અને શક્તિઓ એ ક્રિયામાં વપરાઈ જાય છે. જો નિર્જળા કરીને પાચનતંત્રને આરામ આપીયે તો શરીરને અન્ય દુરસ્તીના અથવા શુદ્ધીકરણના કાર્યો કરવાની મોકળાશ મળે છે. આપણે જેમ ખાસ ઑફિસથી રજા લઈને ઘરનાં વિશેષ કાર્યો કરી શકીયે છીએ, તેમ.

—ઉપવાસના લગભગ ૧૬મા કલાકથી ૨૪મા કલાક સુધીમાં શરીરની શુદ્ધીકરણ ક્રિયા શરૂ થાય છે.



—નિયમિત નિર્જળાથી શરીરના જે બીમાર, બગડેલા કોષાણુ હોય છે એવા કોષોનું શરીર સ્વયં ભક્ષણ કરી પોષણ મેળવે છે, આ ક્રિયાબળે શરીર ૧/૨ લીટર થી ૧ લીટર પાણી પણ બનાવી લે છે, આ ક્રિયાને ‘‘ઓટોફેજી’’ કહે છે. પછી શરીર એ જ જગ્યાએ નવા નિરોગી કોષોને તૈયાર કરી ગોઠવે છે. પણ શરીરના નાનાં નાનાં, નરી આંખે ન દેખાય એવા કોષોનું શું મહત્ત્વ છે ?

માનવશરીર આખું જ આ કોષોથી બનેલું છે. શરીરમાં ૩૦ ટ્રીલીયનથી વધુ કોષો છે. ૩૦ ટ્રીલીયન એટલે : ૩૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ !

તો જો ઉપવાસથી એકે એક કોષ સાફ, સ્વચ્છ અને તંદુરસ્ત બની જતો હોય, તો આખું શરીર પણ નવું અને તંદુરસ્ત બની જાય જ ને !

નિયમિત નિર્જળા વ્રતથી :

—મગજ તંદુરસ્તબને છે. એની સાઈઝ વધે છે. (મોટે ભાગે તો ઉંમર સાથે મગજની સાઈઝ ઘટતી જોવા મળે છે.)

—ડિમેન્શિયા, પાર્કિન્સન અને અનેક જ્ઞાનતંતુઓના રોગોથી રક્ષા થાય છે.

—કૅન્સરના કોષોનો નાશ થવાથી કૅન્સરથી રક્ષા થાય છે.

—હૃદયરોગ, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર, સ્ટ્રોક, હાઈ કોલેસ્ટ્રોલથી રક્ષા થાય છે.

—શરીરની ચામડી સાધારણ અવસ્થામાં પસીનો બહાર ફેકવાનું કાર્ય કરે છે, પણ નિર્જળા દરમિયાન તે બહાર

હવામાનના ભેજમાંથી, અથવા સ્નાનના પાણીમાંથી શરીરની અંદર પાણી ખેંચવાનું કાર્ય કરે છે, આથી ચામડીનું 'ડીટોક્સ'/ detox થાય છે, અને ત્વચા પર કરચલીઓ ઘટે છે.

—ઉંમર તો વધતી રહે, પણ નિયમિત નિર્જળા કરવાથી ઘડપણ કે રોગ ના પ્રવેશે.

—હવે તો અમેરિકા, કેનેડામાં હૃદયરોગ ચિકિત્સક (cardiologists-Dr. Pradeep Jamnadas, Florida), ડાયાબિટીસ, કિડની સ્પેશિયાલિસ્ટ (Dr. Jason Fung, Canada)ના ડૉક્ટરો પણ નિર્જળા અને ઉપવાસનાં પ્રિસ્ક્રિપ્શન આપતા થઈ ગયા છે.

—કેન્સર Chemotherapy ના દર્દીઓને પણ ઉપવાસથી ખૂબ ફાયદો થાય છે, કેમોથેરાપીની આડ અસર ઓછી વર્તાય છે. (Dr. Valter Longo, California)

નિયમિત નિર્જળા કરવાના આવા અને આથી વધુ અનેક ફાયદા છે. આ બધા જ ફાયદાઓનું જીવતુંજાગતું ઉદાહરણ છે, આપણાં પૂજ્ય 'મા'. પૂજ્ય 'મા'ના ૮૦ વર્ષના શ્રીતનુમાં ઘડપણ પ્રવેશ્યું નથી, એક પણ રોગ પ્રવેશ્યો નથી. પૂજ્ય'મા'ની માનસિક અને શારીરિક શક્તિ-સ્ફૂર્તિ કોઈપણ યુવાનને લજવે તેવી છે. પૂજ્ય 'મા'ના બ્લડરિપોર્ટ કે અન્ય કોઈપણ રિપોર્ટમાં ૧%ની પણ abnormality કે ખામી નથી. પૂજ્ય'મા'ના બ્લડ રિપોર્ટ, પૂજ્ય'મા'એ એમના લોહીથી કરેલો પોકાર છે, કે 'આ નિર્જળાની જીવનસાધના અપનાવો અને આરોગ્યનો પ્રસાદ પામો.'



વિજ્ઞાન આજે જે દિશામાં પા-પા પગલી ભરી રહ્યું છે (જે હજી તાજી શોધ ગણાય છે), એ દિશામાં પૂજ્ય 'મા'એ એ ૪૦ વર્ષથી એક ચોક્કસ નકશો આપણને દોરી આપ્યો છે. એના શારીરિક ફાયદા, જે વિજ્ઞાન આપણને બતાવે છે, તે તો માત્ર ઉપપેદાશ અથવા Byproduct છે. નિર્જળાના actual ફાયદામાં તો દૃઢ નિશ્ચય, સંકલ્પ, આત્મસંયમ, પ્રલોભન પર વિજય, આવા અનેક સદ્‌ગુણોનું પાલન-પોષણ સિંચન થાય છે. અને માનવ શક્યતાઓની સીમાઓ ભૂંસાતાં દિવ્યતાની દુનિયામાં પ્રયાણ પ્રારંભાય છે.

Thank you પૂજ્ય'મા', કળિકાળમાં અવતરીને, અમને કળિકાળમાં તરવાના સર્વ સાધનથી સંપન્ન કરવા આપે આપનું જીવન અમારા પર ન્યોછાવર કરી દીધું છે.

આપના ચરણે એ જ પ્રાર્થના કે આપના જીવનમાંથી શીખી, અમે પણ ઉત્તમ સાધનો અપનાવી, અમારા જીવનની પ્રયોગશાળામાં માનવમાંથી મહામાનવ, અને દેવ બનવાના સફળ પ્રયાસો કરીએ. અમારા સદ્‌ગુરુને, આપને ગૌરવ લેવા જેવું જીવન જીવીએ. આપના પ્રતિબિંબ બનવાના પ્રયત્નો કરતા રહીએ.

**—ડૉ. અર્પિતા જોશી**

'નાસ્તિ માતૃસમાચ્છાયા નાસ્તિ માતૃસમા ગતિઃ ।
નાસ્તિ માતૃસમંત્રાણં નાસ્તિ માતૃસમા પ્રિયા ॥'

**—'શાંતિપર્વમહાભાર'**

## ॥ પ્રભુસ્મરણની પથારી ॥

## (પૂ.શ્રી'મા'નો શ્રી વિઠ્ઠલભાઈ પરનો પત્ર )

**ૐ યોગેશ્વરાય નમઃ** ૨/૮/૨૦૨૩

સ્વર્ગારોહણના સ્વજન, સેવક શ્રી વિઠ્ઠલભાઈ,

જીવનના ૯૯ પગથિયા દોડીને ચઢી ગયા હવે આ અંતિમ પગથિયા ઉપર થાક લાગ્યો છે. તો રોજ પ્રભુનો આભાર માનો. 'હે પ્રભુ, તારી કૃપાથી જીવનભર દોડતો રહ્યો. હવે જે વેદના પ્રસાદમાં મળી છે તે મારા અનંત જન્મોના કોઈક ફળરૂપે આવી મળી છે તો એ વેદનાને શાંતિથી મૌન રહીને ઝીલી શકું એવી શક્તિ આપો.'


હે વિઠ્ઠલભાઈ, આપણે એવું માનવાનું કે આ વેદના, કોઈકને મળવાની હતી તે મને મળી છે. તો પારકાની હાશ લેવાની આ સોનેરી તક છે. એમ વિચારી આ ક્ષણ પણ વીતી જશે. સમય પણ એક ઔષધ છે.

પરિવારના સૌનું પ્રભુ મંગલ કરજો.

**'આ પથારી પ્રભુ સ્મરણની છે.'** દેહથી ઉપર ઊઠવા માટેની આ પરીક્ષા છે. પરીક્ષા મૌન રહીને શાંતિથી આપવાની છે. પ્રભુ શક્તિ આપશે.

**–શ્રી'મા' સર્વેશ્વરી**





## ॥ 'સ્વર્ગારોહણ'ના નિષ્ઠાવાન સમર્પિત ભક્ત ॥

'શ્રી વિઠ્ઠલકાકા'—સ્વર્ગારોહણમાં આ નામ કર્ણપટલ પર પડે એટલે એક પ્રેમાળ માયાળુ, આત્મીય, હસતો ચહેરો નજર સમક્ષ તરવરી ઊઠે. ૧૬મી ઑગસ્ટે એમણે પાર્થિવ શરીરથી વિદાય લીધી. ૩૦મી સપ્ટેમ્બર ૧૯૩૯ એમનો જન્મદિવસ. જીવનમાં ૮૪ વર્ષની જીવનયાત્રા દરમ્યાન તેમણે ઋણાનુબંધે જે કોઈ મળ્યા, સાથે રહ્યા, તેમને સદૈવ ખુશ અને હસતા રાખવાના પ્રયત્નો કર્યા. એક પ્રેમાળ-સ્નેહાળ-લાગણીશીલ માયાળુ પિતા, કટોકટી અને દુઃખના પ્રસંગોમાં હંમેશાં સાથે ઊભા રહેતા એક આદર્શ મિત્ર અને એક પ્રામાણિક અને નિષ્ઠાવાન સરકારી અધિકારી તરીકે તેમજ આ જીવનયાત્રા દરમ્યાન તેમણે સંસારમાં જે કોઈ સંબંધ/રોલ ભજવ્યો તે સહુને માટે પ્રેરણાદાયી બની રહ્યો. સમગ્ર જીવન દરમ્યાન અનાસક્ત તેમજ નિષ્કામભાવે કર્મ કરતા રહીને સાચા અર્થમાં અધ્યાત્મના અર્થને પચાવ્યો. તેમના સદ્‌ગુણોને યાદ કરીને આ સદ્‌ગુણો અમારા જીવનમાં પણ સુદ્રઢ થાય એ જ શ્રી'મા'નાં શ્રીચરણોમાં પ્રાર્થના છે.

**<u>અનન્ય અને દૃઢ શ્રદ્ધાળુ ભક્ત.</u>** અમે નાનપણથી એ જોતા આવ્યા છીએ કે પપ્પાની દરરોજ એક કલાક કરતા વધુ સમય સુધી પૂજા ચાલે જેમાં વિષ્ણુસહસ્રનામનું પઠન મોટેથી કરતાં. વિષ્ણુ ભગવાનની સંસ્કૃતમાં સ્તુતિ પણ બધાને સંભળાય તે રીતે મોટેથી કરતા. પૂજાના મંદિરમાં ફક્ત એક બાળકૃષ્ણની તથા વિઘ્નહર્તા શ્રી ગણપતિ મહારાજની નાનકડી મૂર્તિ રહેતી.

અધ્યાત્મમાર્ગે આગળ વધવાની એમની પ્રાર્થનાઓના પરિણામ સ્વરૂપ પ્રાતઃસ્મરણીય ગુરુદેવ ભગવંતના ટાઉનહૉલમાં પ્રવચનો હતાં ત્યારે દર્શનનું સૌભાગ્ય મળ્યું અને પછી દરરોજ બપોરે બેઠક થતી કે સાંજનો સત્સંગ થતો તેમાં અમને સહુને નિયમિત રીતે લઈ જતા. દર રવિવારે સવારે ધ્યાન કેન્દ્રમાં નિયમિત અમને પણ લઈ જતા. શ્રીગુરુદેવ ભગવંતના દર્શન, પ્રવચનો અને એક ધ્યાન શિબિરનો લાભ લીધા પછી એમને શ્રદ્ધા દૃઢ થઈ કે જીવનમાં આપણને આ અવતારી મહાપુરુષ દ્વારા જ શાંતિ પ્રાપ્ત થશે. સમયાંતરે શ્રદ્ધાનું આ બીજ એક ઘેઘુર વટવૃક્ષ બની ગયું. સદ્‌ગુરુમાં પ્રબળ શ્રદ્ધા હોય, જીવનની નાવનું સુકાન એમને સોંપ્યા પછી આ સાગરના તોફાની મોજાં કશું કરી શકતા નથી એ એમણે અનેકવાર અનુભવ્યું. અનેક વિકટ પરિસ્થિતિઓમાં તેઓ પૂ.શ્રી'મા'-પ્રભુના સ્વરૂપ સામે બેસી હૃદયના ઊંડાણથી પ્રાર્થનાનો આધાર જ લેતા અને ગમે તેવી અશાંત પરિસ્થિતિનું નિરાકરણ આવી જતું. અમને સહુને પણ જ્યારે વિકટ સંજોગોમાંથી પસાર થવાનું આવે ત્યારે માનસિક રીતે ડિસ્ટર્બ હોઈએ ત્યારે પપ્પાને વાત



કરીએ કહીએ ત્યારે એટલું જ કહેતા કે આપણે તો એક જ શ્રી'મા'-પ્રભુનો આધાર છે. એમની ઇચ્છા હશે તેમ થશે. એમના જીવનમાં થયેલા અનુભવો ટાંકીને કહેતા કે શ્રી'મા'-પ્રભુને જ તમારી મુશ્કેલીઓ કહો, પ્રાર્થના કરો એટલે એ જ નિરાકરણ લાવશે. બે હાથવાળા લોકોની મદદ માંગવી તેના કરતાં હજાર હાથવાળા પાસે મદદ માંગવી. આપણે તો મા-પ્રભુની છત્રછાયામાં સંપૂર્ણ સુરક્ષિત છીએ તે હંમેશાં યાદ રાખવું. દુઃખમાં તો શ્રી'મા'-પ્રભુને યાદ કરશો જ પરંતુ સુખમાં પ્રભુને વિશેષ યાદ કરવા અને વિશેષ સ્મરણ કરવું જોઈએ. આવી અમૂલ્ય વાતો પ્રસંગો ટાંકીને દરરોજ અમને કહેતા.

સુરત, વડોદરા, મોરબી, રાજકોટ વગેરે શહેરોમાં યોજાતા શ્રી'મા'-પ્રભુના દરેક કાર્યક્રમોમાં અને શિબિરોમાં અમને સહુને ચોક્કસ લઈ જાય. પપ્પા અવારનવાર ખાસ કહેતા આ અમૂલ્ય લાભ અત્યારે જેટલો લેવાય તેટલો લઈ લો. વારેવારે આવી તકો આવતી નથી અને આવા મહાપુરુષ કે જેમના દર્શન પણ દુર્લભ છે તે આપણને મળ્યા છે. અતિ પ્રબળ અને દૃઢ શ્રદ્ધાના પરિણામસ્વરૂપ શ્રી દેસાઈકાકાની વિદાય પછી તરત જ 'સ્વર્ગારોહણ'ની આ પાવન ધરા પર દીર્ઘકાળ સુધી રહેવાનું સૌભાગ્ય પૂ.શ્રી'મા'ની કૃપાથી પ્રાપ્ત થયું અને પૂ.શ્રી ગુરુદેવ ભગવંત અને શ્રી'મા' પ્રભુના શ્રીચરણોથી પાવન થયેલ આ તીર્થમાં જેટલો સમય રહ્યા ત્યાં સુધી સંપૂર્ણ સમર્પણભાવથી, સંસાર અને કુટુંબના સભ્યોનું વિસ્મરણ કરીને, આ તીર્થ અને આ તીર્થમાં પધારતા ભક્તોની ઉત્તમ કાળજી કઈ રીતે લઈ

શકાય તેવા પ્રામાણિક પ્રયત્નો સતત કરતા રહેવા એ એમનું મુખ્ય લક્ષ્ય રહ્યું હતું. 'સ્વર્ગારોહણ'માં જ્યારે પણ પૂ.શ્રી'મા' પ્રભુની ઉપસ્થિતિ હોય અને સત્સંગમાં જે લાભ મળ્યો હોય તે ત્રણ ચાર દિવસે એકવાર ફોન કરી અમને સહુ બાળકોને કહેતા અને છેલ્લે ખાસ કહેતા કે સમય કાઢીને આ તીર્થમાં નિયમિતપણે આવતા રહો તો જીવનનું કલ્યાણ થશે. સંસારમાં છો તેથી સંસારનાં કામો તો રહેવાનાં જ છે પરંતુ સમય કાઢીને અહીંયાં આવશો તો જીવનમાં ક્યારેય મુશ્કેલીનો સામનો કરવો નહિ પડે. આપણને જે અવતારી સંતનું સાંનિધ્ય મળ્યું છે તે અલભ્ય છે તેને માણી લો.

**અત્યંત પરગજુ** અન્યનું દુઃખ જોઈ તેમનું હૃદય હંમેશાં દ્રવી ઉઠતું. અન્યનું દુઃખ જોઈને જે પ્રકારે તેમનાથી મદદ થઈ શકે તે રીતે મદદ કરવા હંમેશાં તત્પર રહેતા. આ મદદ કઈ રીતે કરવાની છે તેની જાણ પણ ઘરે કોઈને ના કરતા. આપણી પાસે જે કાંઈ સગવડો ઉપલબ્ધ છે તે ફક્ત આપણા માટે જ નથી. અન્ય જરૂરિયાતમંદ લોકોને આપણે સહાય કરી શકીએ એ માટે ઈશ્વરે આપણને આ સુખ આપ્યું છે એટલે હંમેશાં આપતાં રહેવું. પપ્પાનું બાળપણ અત્યંત નબળી આર્થિક સ્થિતિમાંથી પસાર થયું હતું, સ્કૂલમાં અભ્યાસ કરતા તે સમયથી દરેક વૅકેશનમાં ખેતરમાં મજૂરી કરવા જતા અને તેમાંથી બચત કરી જાતે ભણ્યા. નાની ઉંમરે સરકારી નોકરી તો મળી ગઈ પરંતુ તે સમયે નોકરીમાં પણ ખૂબ ઓછો પગાર હતો તેમ છતાં રોજબરોજના જીવનમાં અત્યંત કરકસરપૂર્વક પોતાનો અને ઘરના સભ્યોનો જીવનનિર્વાહ ચલાવ્યો અને સાથે સાથે બચત



કરી અન્ય જરૂરિયાતમંદ લોકોને ખૂબ મદદરૂપ થતા. ગવર્મેન્ટ સર્વિસમાં દર માસે પગાર આવતો તેનો દસમો ભાગ ઈશ્વરનો ભાગ છે તેમ ગણી તેને બાજુએ રાખતા અને પ્રભુકાર્ય/સત્કાર્ય માટે તેનો ઉપયોગ થાય તે સુનિશ્ચતિ કરતા. જીવનના ઉત્તરાર્ધમાં પોતાની આવશ્યકતાઓ સંપૂર્ણપણે ન્યૂનતમ રાખી જીવનમાં ત્યાગના મહત્ત્વનું દર્શન કરાવ્યું.

**આયુર્વેદ તેમજ આધ્યાત્મિક વાંચનનો શોખ** આજના સમયની એલોપેથી સારવાર પ્રત્યે તેમને ભારોભાર અણગમો હતો. જ્યારે આયુર્વેદ પ્રત્યે રસ હોવાથી આયુર્વેદના ગ્રંથો વસાવ્યા, વાંચ્યા તેમજ આયુર્વેદિક વનસ્પતિઓ અને ઔષધિઓનું ઊંડું જ્ઞાન મેળવ્યું. તેમજ તે દ્વારા તેમના સંપર્કમાં આવતાં અનેક લોકોની નિઃસ્વાર્થભાવે ફક્ત સેવાના ઉદેશ્યથી ખૂબ ખંતથી ઔષધિઓ બનાવી નિઃશુલ્ક આપતા. લીમડાની ગળોનું ગળોસત્વ, શુદ્ધ વાંસકપૂર નાખીને બનાવેલ સિતોપલાદી ચૂર્ણ, શિયાળાનું અમૃત અને અનેક રીતે ગુણકારી એવું આમળાથી તૈયાર થતું ચ્યવનપ્રાશ, સાંધાના દુઃખાવા મટાડવા માટેની ઔષધિઓ તેમજ અનેક પ્રકારના આયુર્વેદિક કવાથ અને ઉકાળા પોતે જાતે તૈયાર કરતા અને લોકોને નિઃશુલ્ક આપતા. સાત્ત્વિક આહાર અને સાત્ત્વિક મીઠાઈઓ પ્રત્યે પણ એટલી જ રુચિ હતી એટલે 'સ્વર્ગારોહણ'માં તેમના ડબ્બામાં ભરપૂર સૂકો મેવો નાખેલી મગસની લાડુડી, સુખડી કે મોહનથાળ જેવા વ્યંજનો તો હોય જ. અને આ તમામ વાનગીઓ પોતે જાતે ઘરે બનાવતા. મંત્રગાન અને શ્રી'મા'-પ્રભુની બાવનીના સંસ્પર્શ

સાથે તૈયાર થયેલ આ વ્યંજન આરોગતા શ્રી વિઠ્ઠલકાકાએ બનાવેલી મીઠાઈ લોકોને અનેરો હાશ ધરતી.

**નિયમિતતા** આધ્યાત્મિક માર્ગે આગળ વધવા માટે યમ, નિયમ, પ્રાણાયામ વગેરે ખૂબ જરૂરી છે અને તેથી જ્યારથી ગુરુદેવ ભગવંતના દર્શન થયાં ત્યારથી દરેક ધ્યાન શિબિરોનો લાભ લીધો અને તે પ્રમાણે જીવનમાં પણ તે શીડ્યુલને અમલમાં મૂક્યું. દરરોજ સવારે સાડા ત્રણથી ચાર વાગે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જવું. એક કલાક ધ્યાનમાં બેસવું, વિવિધ યોગાસનો અને પ્રાણાયામ દ્વારા મનને કેળવવું અને કેટલીક સરળ કસરતો દ્વારા આ શરીરરૂપી સાધનને નિરામય રાખવું. કપાલભાતિ, ભસ્ત્રિકા લોમ-અનુલોમ પ્રાણાયામ તેમજ વિવિધ યોગાસનો દ્વારા એમણે શરીરરૂપી સાધનની યોગ્ય જાળવણી કરી હતી. પૂ.શ્રી ગુરુદેવ ભગવંતની આ શિબિરોમાં જે આત્મોન્નતિના પાઠ શીખ્યા તે તેઓશ્રી જીવનભર અતિ નિયમિત રીતે પાળતા રહ્યા.

**આદર્શ કર્મચારી/અધિકારી**. નિષ્ઠા, પ્રામાણિકતા તેમજ અનન્ય સમર્પણભાવથી ગુજરાત સરકારશ્રીમાં તેમણે ફરજ બજાવી હતી. એક સામાન્ય ક્લાર્કના હોદ્દાથી શરૂઆત કરીને મામતલદાર જેવા હોદ્દા સુધી પહોંચ્યા પણ જે રીતે કાદવથી કમળ અલિપ્ત રહે છે તે રીતે સરકારી ફરજ દરમ્યાન દર મહિને જે પગારની આવક થાય તે સિવાયની આવકનાં અન્ય સાધનોથી તદ્દન અલિપ્ત રહીને રેવન્યુ વિભાગની અનેક જુદી જુદી કામગીરી અત્યંત પ્રામાણિક અને નિષ્ઠાથી પરિપૂર્ણ કરી. ઑફિસમાં કે સરકારી કાર્ય અંગે ભાવનગર બહાર જવાનું થાય ત્યારે પોતાની સાથે પાણીની બોટલ પણ ઘરેથી સાથે લઈ જતા,



ઘર સિવાય બહારનું ભોજન ત્યાજ્ય હતું અને એ રીતે દર મહિને મળતા નિયમાનુસાર પગાર સિવાય સરકારી ઑફિસનું પાણી પણ ત્યાજ્ય એ સિદ્ધાંત જીવનભર અમલમાં મૂકી એક કર્મયોગીની માફક સરકારી ફરજો નિષ્ઠાપૂર્વક અને ખંતથી બજાવી.

પપ્પાએ શ્રી'મા'-પ્રભુના આદર્શ બાળ તરીકેના ઉત્તમ વ્યવહાર અને આચરણથી પોતાના જીવનને દિપાવ્યું અને અમને સહુને દૃઢ આધ્યાત્મિક સંસ્કારો વારસામાં આપ્યા. અત્યારે પ.પૂ.શ્રી'મા' પ્રભુની અખંડ છત્રછાયા હેઠળ અમે સહુ સર્વ પ્રકારે સુરક્ષિત છીએ તે માટે અમારા પિતાશ્રીએ જે પ્રાર્થનાઓ કરી, એમણે જે સાધન ભક્તિ કરી તેનું જ આ સઘળું પરિણામ સ્વરૂપ છે. પપ્પા ભલે સ્થૂળ સ્વરૂપે અમારી વચ્ચેથી વિદાય થયા પરંતુ એમના આદર્શો, એમના સદ્‌ગુણો અને જીવનને સુયોગ્ય રીતે જીવવાની, માણવાની એમની અમને સહુને આપેલી શીખ દ્વારા તેઓ સતત અમારા સહુ વચ્ચે સદૈવ રહેશે, જ્યારે પણ કોઈ સંકટ કે વિકટ પરિસ્થિતિ આવે ત્યારે એમણે જે પ્રાર્થનાનું સાધન બતાવ્યું છે તે દ્વારા અમને પ્રેરણા ધરતા રહેશે. પૂ.પૂ.શ્રી'મા'ના શ્રીચરણોમાં એ જ પ્રાર્થના કરીએ કે એમના સદ્‌ગુણો અમારા સહુના જીવનમાં સુદૃઢ બને એમના જેવી અખંડ ભક્તિ અને આપનું સતત શ્રીસ્મરણ અમને સહુને રહે એ જ દંડવત્ પ્રણામ સહ શ્રીચરણોમાં પ્રાર્થના છે.

**—શ્રી આશિષ ગોહિલ**